Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મ સં. ૮૧ (ચાલુ) વીર સં. ૨૫૦૨
વિક્રમ સં. ૨૦૩૨ શ્રાવણ-ભાદ્રપદ

શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

પર્યુષણ વિશેષાંક

બુઝ, બુઝ, ચંડકૌશિક !

મિચ્છા મિ દુક્કડમ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

[અંક : ૧૦-૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: અનુક્રમણિકા :

લેખ	લેખક	પૃષ્ઠ
૧ હે પ્રભુ!	સ્વ. માસ્તર શામજી હેમચંદ દેસાઈ	૧૭૧
૨ ભોગ–ઉપભોગ	શ્રી મનસુખલાલ ટી. મહેતા	૧૭૨
૩ દુઃખનું મૂળ પરિગ્રહ	પં. પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ)	૧૭૬
૪ આત્મ ચિકિત્સા	—'અમર'	૧૮૧
૫ પર્યુષણના સંદર્ભમાં	ડો. બાવીશી	૧૮૩
૬ ભદ્રેશ્વર–શંખેશ્વર યાત્રા ચોવીશી (કાવ્ય)	ડો. બાવીશી	૧૮૭
૭ પર્યુષણ પર્વ અને અનુકંપાદાન	નરેન્દ્ર કોટક	૧૯૧
૮ 'તપ'	પં. બેચરદાસ જીવરાજ	૧૯૩
૯ મહાભારતનો એક પ્રસંગ	શ્રી ઈશ્વર પેટલીકર	૨૦૩
૧૦ નારી કે નારાયણી (એક ખુલાસો)	મનસુખલાલ ટી. મહેતા	૨૦૬
૧૧ સમાચાર સંચય		૨૦૮

હવે પછીનો અંક તા. ૧૬–૧૦–'૭૬ ના રોજ બહાર પડશે.

આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ

શેઠશ્રી જસુભાઈ ચીમનલાલ શાહ (સોલીસીટર) મુંબઈ

અધ્યાત્મરત્ન આચાર્યશ્રીનો કાળધર્મ

ભારતભરની ઐતિહાસિક મહાન સંઘ યાત્રાઓ જેમના પુણ્ય નેતૃત્વમાં સફળ થઈ ચૂકી હતી તે પુણ્ય નામધેય, અધ્યાત્મરત્ન, જાપમગ્ન, પૂ. આચાર્યશ્રી જયંતસૂરીશ્વરજી મહારાજ સતત "અરિહંત"ના "નમો અરિહંતાણં"ના પુણ્યનાદ સાંભળતા સાંભળતાં મુંબઈ–દાદર જ્ઞાનમંદિર ખાતે શ્રાવણ શુદ ૮ ને મંગળવારના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

ભારતભરમાં હજારો માઈલોની સફળ પદયાત્રાના મુખ્ય નાયક તરીકે આ એક જ અને અદ્વિતીય આચાર્ય હતા. તેઓ વર્તમાનમાં સ્વ. પૂ. આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના નાયક હતા. તેઓની પુણ્ય રાહબરી અને નાયકપણા નીચે લગભગ ૧૫૦ સાધુ–સાધ્વીજી મહારાજાઓ નિર્મળ અધ્યાત્મ સાધના કરતા હતા. આજે આ જવાબદારી પોતાના લઘુ ગુરુબંધુ તીર્થપ્રભાવક પૂ. આચાર્યશ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજના મસ્તક ઉપર સોંપી મુક્તિકુંજ તરફ આગળ વધ્યાં છે. તેમના આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રાર્થના.

સુધારો —પાના ૧૯૧ ઉપર લેખકનું નામ 'નરેન્દ્ર કોટક' વાંચવા વિનંતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

૨૦-૮-૭૬

પરિપત્ર

સુજ્ઞ સભાસદ બંધુઓ/બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેનાં કાર્યો માટે સં. ૨૦૩૨ના ભાદરવા વદિ ૪ તા. ૧૨-૯-૭૬ રવિવારના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઈ લેકચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારશો.

કાર્યો :—

(ક) તા ૨૧-૧૨-૭૫ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજૂર કરવા.

(ખ) સં. ૨૦૩૧ની સાલના આવક-ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજૂર કરવા.
આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરેલ છે, તે સભ્યોને જોવા માટે સભાના ટેબલ ઉપર મૂકેલ છે.

(ગ) સં. ૨૦૩૩ની સાલના હિસાબ ઓડીટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણુ નક્કી કરી મંજૂરી આપવા.

(ઙ) પ્રમુખશ્રીની મંજૂરીથી મંત્રીઓ રજૂ કરે તે.

લી૦ સેવકો,
હીરાલાલ જુઠાલાલ શાહ
અમૃતલાલ રતીલાલ (ભગતભાઈ)
હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
માનદ્ મંત્રીઓ

તા. ક.—આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણ મુજબ અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન

શ્રી કાંતિલાલ જીવરાજ શાહ

જીવનની ટૂંકી રૂપરેખા

યુવાન ઉંમરે પણ જેનામાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધા અને ભક્તિ છે, તેમજ જૈન સમાજની ઉન્નતિ અર્થે જેમને અત્યંત કાળજી અને નિષ્ઠા છે, તેવા શ્રી કાંતિલાલ જીવરાજ શાહનો જન્મ, વડવા-ભાવનગરમાં તા. ૮-૧૨-૧૯૩૧ના દિવસે થયો હતો. તેમના પિતાશ્રીનું નામ શ્રી જીવરાજ મોહનલાલ શાહ. પુત્રની અપૂર્વ સફળતા અને સિદ્ધિ જોયા પછી આજથી લગભગ બે વર્ષ પહેલા તેમનો સ્વર્ગવાસ થયો. શ્રી જીવરાજભાઇનું મૂળ વતન તો સુરેન્દ્રનગર. પરંતુ રેલ્વેમાં તેમની સર્વિસના કારણે તેઓ ભાવનગર આવી વસ્યા અને પછી તો ભાવનગર જ તેમનું વતન બન્યું. માતાપિતાના તમામ ગુણોનો આવિર્ભાવ શ્રી કાંતિલાલભાઇના જીવનમાં પણ થયો છે. કાંતિલાલભાઇના જીવનની સુગંધના મૂળમાં પણ માતા-પિતાના સંસ્કારો જ પડેલાં છે.

કુટુંબની આર્થિક સ્થિતિ તો સાધારણ જ હતી, પરંતુ મોટા ભાગે આપણે જોઇએ છીએ કે સામાન્ય અને સાધારણ સ્થિતિના કુટુંબોમાંથી જ રત્નો પાકતા હોય છે. સુખ માણસને જીવનરૂપી મહાસાગર પર માત્ર તરવાનું શીખવે છે, ત્યારે દુઃખ એ મહાસાગરમાં ડૂબકી લગાવીને અંદરથી મહાન તત્ત્વરૂપી મોતી લાવવાની મરજીવા કળા અને હિંમત બક્ષે છે. કુટુંબની આર્થિક પરિસ્થિતિના કારણે શ્રી કાંતિલાલભાઈ જો કે આગળ ન ભણી શક્યા પણ જીવન જીવવાની કળા, કામની સૂઝ, દીર્ઘદૃષ્ટિ આ બધું ભણતરથી પ્રાપ્ત નથી થતું, એ માટે તો વારસાના સંસ્કારની આવશ્યકતા રહે છે, જેની કશી ખોટ કાંતિલાલભાઈના જીવનમાં નહોતી. પ્રથમથી જ કુટુંબની ઉન્નતિ કરવાનો દૃઢ નિર્ધાર હતો અને આ વાત તેમણે નાની વયે જ સિદ્ધ પણ કરી બતાવી.

અભ્યાસ છોડ્યા પછી ભાવનગર ઊંડી વખારમાં શ્રી મોહનલાલ ઉકાભાઈ ગાંધીને ત્યાં નોકરી કરી. પરદેશ ગયા વિના સ્વપ્નો સિદ્ધ થતા નથી એ પ્રેરણા તેમને તેમના કાકાશ્રી જગુભાઇ પરિખ પાસેથી મળી અને તદનુસાર માત્ર ૧૮ વર્ષની ઉંમરે આ તેજસ્વી અને પ્રતિભાશાળી યુવક પોતાનું ભાગ્ય અજમાવવા મુંબઈ આવ્યો. ન્યાય, નીતિ અને સચ્ચાઇનો મૂળથી જ આગ્રહ, એટલે આવા યુવકના સ્વપ્નો પણ સિદ્ધ થયા વિના રહેતા નથી. શરૂઆતમાં મુંબઈ આવી તેમના મામાશ્રી શાંતિલાલ ડી. પારેખ સાથે વિમાની (Insurance) લાઇનમાં નોકરી કરી, પણ મૂળથી જ તેમનું ધ્યેય ઉંચું હતું અને દૃષ્ટિ સ્વતંત્ર ઉદ્યોગ પ્રત્યેની હતી. કહેવાય છે કે God helps those who help themselves એ મુજબ શ્રી કાંતિલાલભાઇએ હિંમત અને નિષ્ઠાપૂર્વક પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝમાં ઝૂકાવ્યું અને આજે તેઓ અતુલ પ્લાસ્ટીક પ્રોડક્ટસના સફળ સંચાલક અને માલિક છે. તેઓ માને છે કે Life is a

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

mission, its end is not the search after happiness, but knowledge and fulfilment of duty અર્થાત્ જીવનનું કર્તવ્ય સુખની શોધ માટેનું નહિ પણ જ્ઞાન અને ફરજને અદા કરવા માટેનું હોવું જોઇએ. અંધોને દૃષ્ટિ પ્રાપ્ત થાય તે માટે ચક્ષુદાન તેમજ (Blood donation) રક્તદાનની પ્રવૃત્તિમાં તેમને ભારે રસ છે. આટલી નાની વયમાં તેમણે અગિયાર વખત પોતાના લોહીનું દાન કરી, અનેકને નવું જીવન પ્રાપ્ત કરાવવામાં તેઓ સહાયરૂપ બન્યાં છે.

'સેવાધર્મ'એ શ્રી કાંતિલાલભાઈના જીવનનો મુદ્રાલેખ છે. ધાર્મિક, શૈક્ષણિક તેમજ સમાજ કલ્યાણની અનેક સંસ્થાઓને પોતાની સેવાનો લાભ આપે છે. શ્રી તારદેવ જૈન મિત્ર મંડળની પ્રવૃત્તિઓમાં તેઓ રસ ધરાવે છે અને પ્રમુખ તરીકે યશસ્વી કાર્યો કર્યા છે. શ્રી ઝાલાવાડ સોશ્યલ ગ્રુપ જે માનવ કલ્યાણ માટેની એક અજોડ સંસ્થા છે, તેના મંત્રીપદે રહી નોંધપાત્ર સેવા આપેલ છે. શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂર્તિ. સંઘના તેઓ મંત્રી છે. શ્રી ગોઘારી જૈન મિત્ર મંડળ, શ્રી સુરેન્દ્રનગર મિત્ર મંડળ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, શ્રી આત્માનંદ જૈન સભા, પ્રોગ્રેસીવ ગ્રુપ તેમજ ઓલ ઈન્ડીયા પ્લાસ્ટીક મેન્યુ. ફેબ્રીકેટર્સ એસોસીએશન તેમજ બીજી અનેક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા છે. લક્ષ્મી પાછળ દોડવાથી લક્ષ્મી પ્રાપ્ત થતી નથી, એ નિયમાનુસાર શ્રી કાંતિલાલભાઇ લક્ષ્મી પાછળ દોડ્યાં નથી, પણ સતત પુરુષાર્થ, પ્રમાણિકતા, ખંત અને ધૈર્યના કારણે તેમણે લક્ષ્મીને તેમની પાછળ દોડતી કરી છે.

પારસમણિના સંગથી લોઢાનું જેમ કંચનમાં પરિવર્તન થાય છે તેમ આચાર્ય વિજય ધર્મધુરંધરસૂરિજીના ઉપદેશ અને સમાગમના કારણે શ્રી કાંતિલાલભાઈનું જીવન ધર્મરંગથી રંગાઈ ગયું છે. પાલીતાણામાં કેશરીઆનગરની પ્રતિષ્ઠા પ્રસંગે તેમણે અપૂર્વ લાભ લીધો હતો. શ્રી કાંતિલાલભાઈ, તેમના સુશીલ પત્ની શ્રી મધુકાંતાબેન તેમજ ચૌદ વર્ષની તેમની નાની પુત્રી મનીષાબેને ગયા વરસે એક સાથે જ અઠ્ઠાઈનું માંગલ્ય રૂપ તપ કર્યું હતું. જીવનની સાચી સફળતા તો આને જ કહી શકાય, કારણ કે બાકીનું બધું તો અનિત્ય અને અને નાશવંત છે, એ કોણ નથી જાણતું?

શ્રી કાંતિલાલભાઈના લગ્ન ઇ. સ. ૧૯૫૪માં ધ્રાંગધ્રા નિવાસી શ્રી વ્રજલાલ રામજીની સુપુત્રી મધુકાંતાબેન સાથે થયા છે. શ્રી મધુકાંતાબેન અત્યંત સંસ્કારી અને માયાળુ વૃત્તિ ધરાવે છે. જીવનમાં કોઇ પણ માણસને માત્ર પોતાના પુરુષાર્થથી સફળતા પ્રાપ્ત થઇ શકતી નથી. સિદ્ધિ અને સફળતાના મૂળમાં પુરુષના પુરુષાર્થ સાથે પત્નીનું ભાગ્ય પણ સંકળાયેલું હોય છે. તેથી જ આપણા ઋષિ મુનિઓએ સ્ત્રીને લક્ષ્મીની ઉપમા આપી છે. શ્રી કાંતિલાલભાઇનું દામ્પત્ય જીવન અત્યંત સુખી અને આદર્શરૂપ છે. દામ્પત્ય જીવનના ફળરૂપે તેમને ત્રણ સુપુત્રો અને એક પુત્રીનો પરિવાર છે. મોટો પુત્ર અતુલ, જેનું નામ તેમની કંપની સાથે જોડાયેલું છે, તે કોલેજમાં અભ્યાસ કરે છે. સુનિલ અને હિમાંશુ હાઈસ્કુલમાં અભ્યાસ કરે છે. તેમની પુત્રી મનીષા પણ હાઇસ્કુલમાં અભ્યાસ કરે છે. શ્રી કાંતિલાલભાઇનું કૌટુમ્બિક જીવન પણ ભર્યું ભર્યું અને સુખી છે. તેમને બે ભાઇઓ અને છ બહેનો છે. એક ભાઈ શ્રી ચીમનલાલભાઇ મુંબઈમાં જ વ્યવસાય કરે છે, જ્યારે બીજા કિશોરભાઈ ભાવનગરમાં જ પોતાનો વ્યવસાય સંભાળે છે.

આ રીતે આપણા સમાજની શોભારૂપ ધર્મનિષ્ઠ અને સેવાભાવી શ્રી કાંતિલાલભાઇ જેવા મહાનુભાવને પેટ્રન તરીકે પ્રાપ્ત કરીને અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમના હાથે અનેક સત્કાર્યો થયા કરે એવી શુભ કામના સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૩ | વિ. સં. ૨૦૩૨ શ્રાવણ-ભાદ્રપદ : ૧૯૭૬ ઓગસ્ટ-સપ્ટે. | અંક : ૧૦-૧૧

તંત્રી : **શ્રી** મનસુખલાલ તારાચંદ મહેતા • સહતંત્રી : **શ્રી** કાન્તિલાલ જગજીવનદાસ દોશી

હે પ્રભુ !

ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો
ઉદ્ધારનારો પ્રભુ,
મ્હારાથી નહીં અન્ય પાત્ર જગમાં
જોતા જડે હે વિભુ;
મુક્તિ મંગળ સ્થાન તોય મુજને
ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્ રત્ન શ્યામ જીવને
તો તૃપ્તિ થાયે ઘણી.

રચયિતા—
સ્વ. માસ્તર શામજી હેમચંદ દેસાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોગ-ઉપભોગ

લેખક :
મનસુખલાલ તારાચંદ મહેતા

ભગવાન મહાવીરે જેમ ત્યાગધર્મ (સાધુ-ધર્મ) બતાવ્યો છે, તેમ ગૃહસ્થ જીવન માટેનો શ્રાવક ધર્મ પણ બતાવ્યો છે. ગૃહસ્થ માટે બાર વ્રતો દર્શાવવામાં આવ્યા છે. 'પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો. ગુણવ્રતો અને શિક્ષાવ્રતોનું પાલન અણુવ્રતોના પાલનમાં સહાયરૂપ બને છે. ભોગ–ઉપભોગ પરિમાણ એ ગુણવ્રતો પૈકીનું ત્રીજું વ્રત છે. એક વાર ભોગમાં આવતા પદાર્થો ભોગ કહેવાય છે, જેમ કે આહાર, સ્નાન, વિલેપન, કુસુમ વગેરે. આવા પદાર્થો એક વાર ભોગવાઈ ગયા પછી બીજી વારના ભોગને માટે નકામા છે. જેનો ભોગ વધારે વખત થઈ શકે, તે ઉપભોગ કહેવાય છે, જેમ કે વસ્ત્ર, આભૂષણ, શયન, આસન, વાહન, મકાન, સ્ત્રી (સ્ત્રી માટે પુરુષ). આ ભોગ પદાર્થોનું પરિમાણ કરવું, એમાં નિયમિત રહેવું, જરૂરિયાતથી વધારે ભોગોપભોગથી વિરત થવું, એવો આ વ્રતનો અર્થ છે.

આ વ્રતના કારણે આપોઆપ માણસની તૃષ્ણા–લોલુપતા ઉપર અંકુશ આવી શકે છે. માંસ, મદ્ય વગેરે અભક્ષ્ય ચીજો જેની જીવનમાં જરા પણ આવશ્યકતા નથી. તેમજ જીવનને હાનિકારક અને આત્માની દુર્ગતિમાં નિમિત્ત-રૂપ બનતી હોય છે, તેનો નિષેધ આ વ્રતમાં આવી જાય છે. એવી જ રીતે જેમાં અધર્મનો સંભવ હોય તેવી અભોગ્ય અને અનુપભોગ્ય ચીજોનો ત્યાગ પણ આ વ્રતમાં આવી જાય છે. પાપમય અધમ વેપાર ધંધા પણ આ વ્રતમાં વર્જી દેવાય છે. વિવેક બુદ્ધિ પ્રાપ્ત થઈ છે અને જેઓ પુણ્ય પાપના ભેદ સમજે છે, તેવા લોકો માટે આ વ્રત ધારણ કર્યા પછી હાનિ-કારક માર્ગોમાંથી પસંદગી કરવાનું માથે આવી જ પડે, તો પણ તે હંમેશા ઓછો હાનિકારક માર્ગ ગ્રહણ કરે છે. ભોગ પદાર્થોને પ્રાપ્ત કરવામાં પણ અનેક દોષો રહેલા છે. દુનિયાના પદાર્થોને પ્રાપ્ત કરવામાં મન, વાણી અને શરીરના બળની ક્ષીણતા થાય છે. પદાર્થો પ્રાપ્ત થયા પછી એનું રક્ષણ કરવામાં તકલીફ પડે છે. વળી પદાર્થો નાશવંત હોય એટલે જાય ત્યારે આઘાત અને શોકની લાગણી થાય છે. ભોગ–ઉપભોગ પરિમાણના વ્રતીને આપોઆપ પદાર્થો પ્રાપ્ત કરવા પર મર્યાદા આવી જાય છે, અને તેનું જીવન નિશ્ચિંત અને સરળ બની જાય છે.

વિષયોનું ઉપર ઉપરથી રમણીયપણું પણ પરિણામે તો દુઃખરૂપ જ છે. વિષયો ઉપરથી રમણીય છે પણ અંતે કદ્રૂપ છે. ધર્મશાસ્ત્રોએ તેથી કહ્યું છે કે, આરંભ સુખથી મોહને ન પામતાં પરિણામી દુઃખનો વિચાર કરી માણસ ભોગમાં રતિને તજે. ઉત્તરાધ્યયન સૂત્ર (અ. ૧૪–૧૩)માં કહ્યું છે કે, "કામભોગો તો ક્ષણવાર સુખ અને બહુકાળ દુઃખ આપનારા, દુઃખ પ્રપૂર્ણ અને અલ્પ સુખદાયી, સંસાર-માંથી મુક્ત થવામાં વિઘ્નરૂપ અને અનર્થોની ખાણ છે." ઉત્તરા. સૂત્ર અ. ૯–૫૩માં કામભોગોનું સ્વરૂપ સમજાવતાં કહેવામાં આવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે કે, "કામભોગો શલ્ય છે, કામભોગો વિષ છે અને કામભોગો ઝેરી નાગ જેવા છે કામભોગોની પ્રાર્થના કરતાં જીવો, તેમને પામ્યા વિના જ દુર્ગતિમાં જાય છે."

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે लद्धवे कामेण पत्थेज्जा विवेगे एवमाहिए અર્થાત્ પ્રાપ્ત થયેલા કામભોગોમાં પણ વિવેકીને ઈચ્છા થતી નથી. અહિં વિવેકનો અર્થ સમ્યગ્દર્શન કરી શકાય સત્ અને અસત્ અથવા નિત્ય અને અનિત્યને જુદાં પાડવાની શક્તિ તેનું નામ વિવેક. શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થસૂત્રમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् (તત્ત્વાર્થ ૧-૨) અર્થાત્ યથાર્થ રૂપથી પદાર્થોનો નિશ્ચય કરવાની જે રૂચિ, તે સમ્યગ્દર્શન છે. આવો તત્ત્વદર્શી તો કમળ જેમ જળથી અલિપ્ત રહે છે, તેમ ભોગવૃત્તિથી અલગ જ રહે છે.

ભોગાભ્યાસથી ઇન્દ્રિયો વિષય લંપટ બની જાય છે. તેમને વિષયભોગ સિવાય ક્ષણ પણ ચેન પડતું નથી. જેને વિષયો પ્રતિપળ ખેંચી રહ્યા છે, જે વિષયોની નાગચૂડમાં ફસાયેલો છે, તેને શાંતિ મળે કઈ રીતે? ભોગોની લોલુપતા માનવ આત્માને નીચોવી કાઢે છે. ભોગથી વિષય તૃષ્ણા કદી શમતી નથી. ભોગથી જો તૃષ્ણા છીપાતી હોત તો ઘૃતથી અગ્નિ પણ શાંત થાત. પરંતુ તેમ થવું અશકય છે. અગ્નિમાં જેમ જેમ ઇંધન નાખવામાં આવે તેમ તેમ ભડકો શાંત થવાને બદલે ઉગ્ર થાય છે, તેવું જ ભોગોની બાબતમાં છે.

કૂતરું મોમાં હાડકું રાખી વાગોળે છે અને એ હાડકું મોંમાં તાળવે વાગતા ત્યાંથી લોહી નીકળે છે. એ લોહીનો સ્વાદ તેને મધુર લાગે છે, પણ તેને ભાન નથી કે એ સ્વાદ હાડકાંનો નથી, પણ તેના પોતાના જ લોહીનો છે. લોકોના ભોગનો આનંદ પણ કૂતરાંના હાડકાંના સ્વાદ જેવો જ છે. વિપુલ ભોગોનો સ્વાદ માણી અંતે ભર્તૃહરિ જેવા મહર્ષિએ પણ ભોગોના સ્વાદનો ભ્રમ ભાંગવા કહ્યું જ છે કે भोगा न भुक्ता वयमेव भुक्ता અર્થાત્ અમે ભોગોને નથી ભોગવ્યા, પણ ભોગોએ અમને ભોગવ્યા છે.

પુરાણમાં યયાતિ રાજાની વાત આવે છે. યયાતિના લગ્ન મૃત સંજીવની વિદ્યાના મોટા જાણકાર શુક્રાચાર્યની પુત્રી દેવયાની સાથે થયા હતા. પણ યયાતિ તો મદ્ય-મૃગયા અને મીનાક્ષી પાછળ પાગલ હતો. યૌવન, સત્તા અને સમૃદ્ધિ જ્યારે એકઠાં થાય છે, ત્યારે મોટા ભાગે આત્માનો અધઃપાત થાય છે. બહુ સમયને અંતે પોતાની પુત્રીનું દુઃખ જ્યારે શુક્રાચાર્યે જાણ્યું, ત્યારે યયાતિને તેણે શાપ આપ્યો કે, 'તારું યૌવન ક્ષીણ થાઓ.' દેવયાનીની આજીજીથી એ શાપના નિવારણ અર્થે તેણે ફરી યયાતિને કહ્યું કે, તારા જ લોહીથી ઉત્પન્ન થયેલ પુત્ર જો તને તેની યુવાની આપી તારું વૃદ્ધત્વ સ્વીકારશે, તો તું યુવાન થઈ શકીશ. યયાતિ વૃદ્ધ બની ગયો પણ શેતાન મન તો એનું એજ રહ્યું. તેના એક પુત્રે પોતાની યુવાની પિતાને આપી પોતે વૃદ્ધ બન્યો. પછીયે જ્યારે યયાતિના ભોગની તૃપ્તિ ન થઈ, અને લોકો તરફથી અત્યંત ફીટકાર થયો ત્યારે મોડે મોડે તેને ભાન આવ્યું કે, ભોગની તૃષ્ણા વિષયભોગોથી કદી તૃપ્ત નથી થતી. મૃત્યુ સમયે ભારે પશ્ચાત્તાપપૂર્વક પોતાની અંતિમ ઇચ્છા જાહેર કરતાં કહ્યું કે, મારા મૃત્યુ પછી અગ્નિ સંસ્કારની જગ્યાએ એક નાનું ચૈત્ય બનાવજો, અને મારા અવશેષો પર એક તકતી મૂકાવી તે પર લખાવશો કે, आत्मा वा अरे मतव्यः श्रोतव्यः । आत्मा वा अरे निदिध्या-सितव्यः । અર્થાત્ હે માનવી! આત્માના સ્વરૂપનો વિચાર કર, આત્માના બોલ સાંભળ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મજ્ઞાનને જ પોતાના આદર્શ માની લે, સતત મનમાં એનું જ ચિંતન કર્યા કર. " અલબત્ત, જીવનની અંતિમ પળનું આ જ્ઞાન રાંડ્યા પછીના ડહાપણ જેવું હતું; તો પણ ભોગી લોકો માટે યયાતિનું જીવન દીવાદાંડી સમાન બની ગયું.

થીઓડોર પારકર નામના એક અંગ્રેજ વિદ્વાને ભોગમય જીવન અંગે ટીકા કરતાં કહ્યું છે કે, A life merely of pleasure or chiefly of pleasure is always a poor and worthless life, not worthy of living always unsatifactory in its course, always miserable in its end અર્થાત્ ભોગી કે વિલાસી જીવન કિંમત વગરનું પામર જીવન છે, એવું જીવન જીવવા યોગ્ય નથી; વિલાસી માણસને હંમેશા અસંતોષ રહ્યા કરે છે અને તે દુઃખમાં પરિણમે છે.

ભોગોપભોગ પરિમાણ વ્રતપાલનમાં ખાનપાનની વસ્તુઓની મર્યાદા બાંધવાનું પણ આવશ્યક છે. પૂ. ગાંધીજી ભોજનમાં હંમેશા પાંચ વસ્તુઓ વાપરતા હતા. એક દિવસે તેમના ભાણામાં ચાર વસ્તુઓ હતી, એ જોઈને પીરસનાર પાંચમી વસ્તુ લઈ આપવા આવ્યો. પણ ગાંધીજીએ તે વસ્તુ ન લેતાં કહ્યું : 'પાંચ વસ્તુઓ થઈ ગઈ છે, કારણ કે દુધીના શાક સાથે ચણાની દાળનું પણ મિશ્રણ છે ' ૭૯ વર્ષની ઉંમરે પણ તેઓ સંપૂર્ણ તંદુરસ્ત હતા, અને ગોળીથી તેમનું મૃત્યુ ન થયું હોત તો દીર્ઘકાળ પર્યંત ચોક્કસ જીવત ! આપણા વ્રતોની યોજના એવી છે કે જો તેમનું બરોબર પાલન કરવામાં આવે તો માણસ તંદુરસ્ત રીતે દીર્ઘકાળ પર્યંત જીવી શકે. અકુદરતી ખાનપાન, વ્યસનો અને ભોગો આપણા આયુષ્યનો વહેલો અંત લાવે છે. ભોગ અને રોગ એક જ સિક્કાની બે બાજુ જેવા છે. જ્યાં ભોગ ત્યાં રોગ અવશ્ય આવીને ઊભો જ રહે છે. ભર્તૃહરિએ સાચું જ કહ્યું છે કે, भोगादयः कृपण-लोकमता भवन्ति અર્થાત્ ભોગો ક્ષુદ્ર મનુષ્યને જ ઇચ્છવા જેવા લાગે છે.

જ્ઞાતાસૂત્રમાં પુંડરીક–કંડરીકની કથામાં પુંડરીકની ત્યાગ અને વિશુદ્ધ વૃત્તિના ફળરૂપે આયુષ્ય પૂર્ણ કરી તેત્રીસ સાગરોપમ સ્થિતિના સર્વાર્થ સિદ્ધ વિમાનમાં તેનો જીવ જાય છે, જ્યારે ભોગને આધીન થનાર કંડરીકના જીવને તેત્રીસ સાગરોપમ સુધી સાતમી નરકમાં વેદના સહવા જવું પડ્યું. અલ્પ કાળની ત્યાગ સાધના અને અલ્પ કાળની ભોગ સાધના કેવા ભિન્ન ભિન્ન પરિણામ લાવે છે ? એક જ માતાની કુક્ષિએ ઉત્પન્ન થયેલાં, બંને સગા ભાઈઓ હોવા છતાં, એક સર્વાર્થ સિદ્ધ વિમાનમાં, બીજો સાતમી નરકમાં ! ભોગ અને ત્યાગના ભેદો સમજાયા પછી કોણ ભોગની વાંછના કરશે ?

આપણે ત્યાં કહેવામાં આવ્યું છે કે, प्रापणात् सर्व कामानां परित्यागो विशिष्यते અર્થાત્ તમામ પ્રકારના કામભોગોની પ્રાપ્તિ કરતાં તેનો ત્યાગ ચઢી જાય છે. આનું કારણ દર્શાવતા સ્વ. ન્યાયવિશારદ, ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજી તેમના અધ્યાત્મ તત્ત્વાલોક ગ્રંથમાં લખે છે કે, " ભોગોમાં આત્માનું મૂર્ચ્છન છે, જ્યારે એનાથી ઉપર ઉડવામાં આત્માનો વિકાસ છે. ત્યાગ એ આધ્યાત્મિક ચિકિત્સા છે. એનાથી આત્મામાં અનાદિકાળથી ઘર કરી બેઠેલા દારુણ મોહરોગોની ચિકિત્સા થાય છે. જેમ જેમ એ ચિકિત્સા મજબૂતપણે આગળ વધે છે, તેમ તેમ આત્માનું આરોગ્ય વધતું જાય છે અને સંપૂર્ણ ત્યાગથી આરોગ્ય પ્રાપ્ત થાય છે.

દિવાસળી જેમ આપોઆપ સળગતી નથી, પણ સળગાવવા માટે તેને ઘસવી પડે છે, તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોગો આપણને વળગતા નથી, આપણે જ તેને વળગવા જઇએ છીએ. પદાર્થના સંગથી તેમાં આસક્તિ ઉત્પન્ન થાય છે. અને પછી તો એજ પદાર્થના માલિક હોવા છતાં આપણે તેના ગુલામ બની જવું પડે છે. કોઈપણ મદિરાના વ્યસનીને આપણે પૂછશું કે પ્રથમ મદિરા લેતી વખતે તમને શી અસર થઈ હતી? તો કહેશે કે પ્રથમ તો એ કડવી લાગેલી, પણ એ જ મદિરા એની પર એવું સ્વામિત્વ જગાડી દે છે કે તેના વિના તે રહી શકતો જ નથી.

જીવને અનિત્ય-નાશવંત વસ્તુમાં જે રાગ, પ્રીતિ, આસક્તિ થાય છે, તે જ અનેક અનર્થોના નિમિત્તરૂપ બની જાય છે. આપણે આત્માને નિમિત્તવાસી માનીએ છીએ. આસક્તિના કારણે માણસ પોતાનું ભાન ભૂલી જાય છે. આજથી બાવન વર્ષ અગાઉ જ્યારે હું બાલ્યાવસ્થાની સરહદ ઉપર હતો, ત્યારે મારા લગ્નની જાન શ્વશુર ગૃહે ગઇ અને જમાઇ રૂડો, રૂપાળો લાગે એ દૃષ્ટિએ શ્વશુર પક્ષે મને જાતજાતના આભૂષણો પહેરાવ્યાં, જેમાં હીરાની એક સુંદર મુદ્રિકા પણ હતી. જમાઈ અબૂધ અને અબૂઝ હોય તો પણ શ્વશુર પક્ષ તેને સોહામણો દેખાડવા પ્રયત્નો કરતા હોય છે. જાનની વિદાય વખતે આભૂષણો પરત કરવાના હોય છે, તેથી મેં કાઢી નાખ્યાં. પરંતુ હીરાની મુદ્રિકા આંગળીને એવી સજ્જડ બેસી ગઈ કે નીકળી શકી નહિ. એવી મુદ્રિકા જીવનમાં પ્રથમ વખતે જ જોઈ, એટલે તેના પ્રત્યે અનુરાગ થયો, અને મનમાં પાપ પણ જાગ્યું કે આ મુદ્રિકા નીકળતી નથી એટલે તો મારી જ થઈ ગઈ. મુદ્રિકા પ્રત્યેની આવી આસક્તિ અને મનમાં પાપનો ઉદ્ભવ, માત્ર મુદ્રિકા સાથેના બોત્તેર કલાકના સંગને કારણે જ થયાને! શ્વશુર પક્ષ શાણો અને સમજુ હતો, મારા હાથે પાપ થાય એવું ઇચ્છતો ન હતો. સોનીને બોલાવી મુદ્રિકાને તોડી કાઢવાનું નક્કી થયું. મને ભય લાગ્યો કે આનાથી તો કદાચ આંગળીને ઇજા પણ થાય, એટલે સાબુ-તેલનો ઉપયોગ કરી મેં જાતે જ સોનીની સહાય વિના મુદ્રિકા કાઢી નાખી. પછી તો મારી મૂર્ખાઇ અને મુદ્રિકા પ્રત્યેની ઘેલછા માટે મનમાં એવો પરિતાપ થયો કે, તે પછી ક્યારેય કોઇ પણ પ્રકારના આભૂષણનો શરીરને સ્પર્શ કરાવી તેને ગંદું થવા દીધુ નથી. આસક્તિ-સંગ માનવીને કેવો મૂર્ખ બનાવે છે?

જૈન ધર્મના પાયામાં અહિંસા, સંયમ અને તપ છે. એટલે ભોગ ઉપભોગની મર્યાદાનો હેતુ પણ ધીમે ધીમે તેમાંથી સદંતર મુક્ત થવા માટેનો હોવો જોઇએ. કોઇપણ પ્રકારના ભોગમાં હિંસા તો અવશ્ય રહેલી જ હોય છે. હિંસા સિવાય કોઇપણ ભોગ સિદ્ધ થઈ શકે જ નહિ. કોઇને પણ પ્રતિકૂળ વેદના થાય એવી ક્રિયા કરવામાં પણ સૂક્ષ્મ હિંસા છે, કર્મ બંધના કારણરૂપ છે. હિંસાથી અલિપ્ત એવો કોઈ પણ ભોગ સંભવી શકે નહિ. કોઇને પણ ક્યાંક, કોઈક વખતે પણ, કોઇપણ કારણસર સહેજ પણ પીડાના નિમિત્ત રૂપ બનીએ, તો એ કઢી નહીં તો પણ કઢીમાંની વડી તો કહીજ શકાય. આમ ભોગ માત્ર હિંસાથી લેપાયેલ જ છે તાત્ત્વિક દૃષ્ટિએ જોઇએ તો એકવાત નિશ્ચિત છે કે ભોગપદાર્થો એક દિવસે આપણને છોડી જવાના છે, અગર તો આપણે તેને છોડીને જવા ફરજ પડે છે. તો પછી શા માટે માનવ તેનો ત્યાગ સ્વેચ્છાપૂર્વક કરતો નથી? સૂત્રકૃતાંગ સૂત્રમાં કહ્યું છે કે, "અંતે પસ્તાવું ના પડે માટે અત્યારથી જ આત્માને ભોગોમાંથી છૂટો કરી સમજાવો, કામી પુરુષ અંતે ઘણો પસ્તાય છે અને વિલાપ કરે છે."

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુઃખનું મૂળ—પરિગ્રહ

લેખક : પં. પૂર્ણાનંદવિજયજી (કુમાર શ્રમણ)

[ભારત સ્વતંત્ર થયા પછી દેશની સામે સાદાઈ, કરકસર, આત્મોન્નતિ અને નૈતિકતાનો આદર્શ રાખવાને બદલે, આદર્શ રાખ્યો છે ભવ્ય આલીશાન મકાનો, ઐશ-આરામના સાધનો, મોટાં મોટાં કારખાનાઓ, હવાઈ જહાજ અને કીંમતી મોટર ગાડીઓનો, નાચરંગ, ખેલ તમાશા, નગ્ન ચિત્રપટો, સમારંભો અને જલસાઓ. પરિણામે આપણું આર્થિક તંત્ર જેમ સડી ગયું છે તેમ આપણી પ્રજાનું નૈતિક ચારિત્ર પણ રસાતળે પહોંચ્યું છે.

ભારતના સ્વ. રાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણન પોતાના એક પુસ્તકમાં કહે છે કે : "નિરંતર ઐશ-આરામ પાછળ મંડ્યા રહેવું એનું નામ જીવન, એમ માનવું એ અધાર્મિકતાની પરાકાષ્ટા છે. જીવનનો હેતુ પ્રેયસ્ નથી પણ શ્રેયસ્ છે. આપણે આપણી રસવૃત્તિ બદલીએ અને આપણા સુપ્ત માનસને નવેસરથી કેળવીએ તો જ આપણે વાસના પ્રધાન મટી આધ્યાત્મિક બની શકીએ. એનો અર્થ એ થયો કે આપણે સંયમ અને શિસ્ત પાળવાં જોઈએ. આપણી નૈસર્ગિક વૃત્તિથી પર થવાના પ્રયત્નમાં ડગલેને પગલે ભારે પ્રલોભનો અને તેની સામે ઝુઝવાનું રહેલું છે."

પ્રસ્તુત લેખના અંતે, વર્તમાનકાળે આપણા લોકોમાં પ્રવર્તી રહેલી અનેક ખોટી રીતભાતોનો આબેહુબ ચિતાર આપી પૂ. મહારાજશ્રી પણ આ જ વાત આપણને સમજાવવા માગે છે. આપણા ધર્મશાસ્ત્રો અનુસાર જ્યાં સુધી આપણે પરિગ્રહ વૃત્તિમાંથી મુક્ત ન બની શકીએ, ત્યાં સુધી આપણે સાચી અહિંસાનું પાલન કરવા પણ લાયક બની શકતાં નથી.] —તંત્રી

ભગવતી સૂત્રના આઠમા શતકના ત્રીજા ઉદ્દેશામાં ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું કે હે પ્રભો ! વૃક્ષો કેટલા પ્રકારના છે?

ભગવાને કહ્યું કે હે ગૌતમ! અસંખ્યેય દ્વીપ અને સમુદ્રોથી પરિપૂર્ણ આ સંસારમાં વૃક્ષો ત્રણ પ્રકારના છે.

૧. સંખ્યાત જીવિક.

૨. અસંખ્યાત જીવિક.

૩. અનંત જીવિક.

જે વનસ્પતિમાં રહેલા જીવોની ગણત્રી શક્ય હોય તે તાલ, તમાલ, સાલ, સાલકલ્યાણ, સરલ, જાવઈ અને કેતકી, કદલી, ખર્જુર, નારિયલ આદિ વૃક્ષો સંખ્યાત જીવિક છે.

જેની ગણત્રી અશક્ય હોય તે અસંખ્યાત જીવિક વનસ્પતિના બે પ્રકાર છે. જેમાં એક બીજ હોય તે લીમડો, આંબો, જાંબુડો, પીલુડો, બકુલ અને કરેજ આદિ એકાસ્થિક કહેવાય છે અને જેમાં ઘણાં બીજ હોય તે અસ્થિક, બીજોરા, ફણસ, દાડમ, ઉંબરડા આદિ વનસ્પતિ બહુઅસ્થિક કહેવાય છે.

અંતે એમ પણ કહેવાયું છે કે જેનાં મૂળ કંદ, સ્કંધ, પુષ્પ અને ફળમાં અસંખ્યાત જીવો હોય તે અસંખ્યાત જીવિક વનસ્પતિ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને જે વનસ્પતિમાં અનંત જીવો રહેલા હોય છે તે અનંત જીવિક વનસ્પતિ કહેવાય છે. જેમ મૂળા, ગાજર, કાંદા, લસણુ, બટાટા, આદિ તથા ગમે તે વનસ્પતિનું પ્રારંભનું પાન (કિસલય) અને સર્વથા પાકી ગયેલા ગમે તે ફળ હોય તે પણુ અનંતકાયિક હોય છે.

પૂરા બ્રહ્માંડમાં પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય–આ છ પ્રકારના જીવોમાંથી વનસ્પતિકાયિક જીવો સૌથી વધારે છે. જેની સંખ્યા અનંતાનંત છે અને બધાએ ચૈતન્ય અને જ્ઞાનસંજ્ઞિત છે.

આપણો આત્મા ઉત્કૃષ્ટ પુણ્યવંતો હોવાથી જેમ મનુષ્યશરીરમાં રહેલો છે, તેમ નિકૃષ્ટતમ પાપના ઉદયે તે અનંતાનંત જીવો વનસ્પતિશરીરમાં રહેલા છે.

આમ સ્વતત્ત્વની અપેક્ષાએ સૌ જીવો એકસમાન હોવા છતાં પણુ કર્મની તરતમતાને લઈ સૌના વિભાગો જૂદા જૂદા પડ્યાં છે.

જૈનાગમ ફરમાવે છે કે પોતાના પૂર્વભવોમાં ઉપાર્જિત કરેલ સ્થાવર નામ કર્મને લઇ તે જીવો ત્યાં રહીને પોતાના પાપોનાં ફળોને ભલે ભોગવતા હોય, તો પણુ મનુષ્ય અવતારને પામેલા ભાગ્યશાળીઓએ પોતાના દયાધર્મનો વિકાસ કરી તે જીવો પ્રત્યે હંમેશાંને માટે દયાભાવ રાખવો જોઇએ. કેમ કે તે વનસ્પતિ જીવોનો અનંત ઉપકાર માનવ શરીર ઉપર રહેલો હોવાથી તેમનું નિરર્થક હનન, છેદન, ભેદન કરવું દયાવંત માનવને શોભતું નથી.

માનવશરીરનું પોષણુ, રક્ષણુ, વર્ધન આદિ કાર્યોમાં વનસ્પતિનો ઉપકાર કોઈ કાળે પણુ ભૂલાય તેમ નથી. વૃદ્ધ અનુભવી મહાપુરુષો પણુ કહે છે "પ્રકૃતિને અનુકૂલ રહેનાર માણસ પ્રકૃતિનો આશીર્વાદ મેળવે છે, સદ્‌ગતિનું ભાજન બને છે; તથા પ્રતિકૂલ રહેનાર શાપ મેળવે છે એટલે દુર્ગતિનું ભાજન બને છે."

જન્મથી લઇને મૃત્યુ સુધી માણુસને માટે ખાવામાં પીવામાં, ઓઢવામાં કે પહેરવામાં જે કંઈ પદાર્થો કામે આવી રહ્યાં છે, તે બધાએ લગભગ વનસ્પતિજન્ય જ હોય છે, તે આ પ્રમાણે :—

જન્મથી મૃત્યુના છેલ્લા શ્વાસ સુધી અને મૃત્યુ પછી પણુ કફન આદિ વસ્ત્રો વનસ્પતિથી ઉત્પાદિત હોય છે. કેમકે રૂ, કપાસ એ વનસ્પતિ છે.

ભરણુ પોષણુ માટે જે કંઇ ખોરાક ખાવામાં આવે છે. જેમ ઘંઊ, ચણા આદિ ધાન્ય શાકભાજીથી લઇ ફળ (ફ્રુટ) સુધીના બધાએ ખાદ્ય પદાર્થો વનસ્પતિ છે, જે મકાનમાં આપણે રહીએ છીએ, ને યદ્યપિ પૃથ્વીકાયના પુદ્‌ગલોથી બનેલ છે, તો પણુ મનુષ્ય શરીરની પૂર્ણ રક્ષા માટે બારી બારણા તથા ગાદી રજાઈ સોફા, પલંગ, હિંચકા આદિ વનસ્પતિમાંથી જ બને છે.

દૂધ, દહી, માખણુ, મલાઈ અને છાશ આદિ પદાર્થોને ખાઈને પુષ્ટ થનારો માણુસ પણુ વનસ્પતિનો જ ભોક્તા હોય છે, કેમકે જંગલ કે ખેતરમાં ઉત્પન્ન થયેલાં ઘાસ, કપાસીઆ આદિ વસ્તુઓ વનસ્પતિ છે; અને તે ગાય, ભેંસનો ખોરાક છે. તેનાથી તેનાં શરીરમાં દૂધ ભરાય છે. એટલે દૂધ આદિ પદાર્થો પણુ વનસ્પતિજન્ય છે.

આવી રીતે માનવજાત ઉપર અનંત ઉપકાર કરનાર આ વનસ્પતિ છેવટે મૃત્યુના સમયે પણુ દવા ઔષધ તરીકે વનસ્પિતિ જ આપણુને માટે જીવનદાતા બનવા પામે છે. અને છેવટે મરેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માણસની અંતિમ ક્રિયા માટે પણ લાકડા જ કામ આવે છે. આવી પરીસ્થિતિમાં માનવ માત્રને પણ સમજવાનું છે કે "ખાવાને માટે ઉપયોગમાં આવતી વનસ્પતિનો ભોગ હું એકલો કરૂં, તેના કરતાં પ્રત્યેક માનવને પોત-પોતાના શરીરના ભરણ પોષણ માટે વનસ્પતિનો ઉપભોગ કરવો સર્વથા અનિવાર્ય છે. માટે સાચા અર્થમાં માનવ માત્રનો હું મિત્ર બનું તે માટે ખાદ્ય પદાર્થનો મારાથી દુરૂપયોગ થવા ન પામે તેમજ પૃથ્વી પર જન્મેલા અને છેવટે મારી આસપાસ વસનારા દરેક માનવને શાકભાજી, ફળ, ધાન્ય, દૂધ, દહીં, માખણ અને ઔષધ સુલભ બને તે માટે મારી જરૂરિયાત કરતા વધારે ન ખરીદું."

આ પ્રમાણે અરિહંતોના શાસનની આરાધના કરીને દયાળુ બનેલો માણસ બજારમાં વેચાતી વસ્તુઓ સૌને સુલભ બને તેની કાળજી રાખશે અને સંગ્રહ નહિ કરે. શાકભાજી, ફળ અને ધાન્યના ઉત્પાદનમાં પ્રકૃતિ જ્યારે ઉદાર છે, તો માણસને પણ પરિગ્રહનું નિયંત્રણ કરવાનો ભાવ રાખવો જોઇએ, જેથી બધી વસ્તુઓ બધાઓને માટે સુલભ બનવા પામે.

ગામમાં જનસંખ્યા વધારે હોય અને દૂધ આદિની આવક ઓછી હોય ત્યારે ખરીદ કરતાં પહેલાં પ્રત્યેક માનવ બીજા માનવની જરૂરિયાતનું ધ્યાન રાખે તો કોઇને કંઈ પણ વાંધો આવે તેમ નથી, પરન્તુ શ્રીમંત માણસ ભાવ વધારે આપીને પણ જરૂરીયાત કરતાં પાંચગણું દૂધ ખરીદે અને તેની મલાઈ તથા માખણ ખાય, તેવી સ્થિતિમાં બીજા માણસોને તથા તેમના બચ્ચાઓને દૂધ અને આ વિનાના રહેવું પડે. આ કારણે દૂધ, દહીં, શાક અને વસ્ત્ર વિનાના તે માણુસો પોતાની જરૂરીયાતની વસ્તુઓને માટે ચોરી કરશે, ઠગાઇ કરશે. તથા શ્રીમંતોના હાડવૈરી બનશે.

આમ થતાં 'સમતાવાદની ક્રૂર મશ્કરી કરાવીને વિષમતાવાદને ઉત્પન્ન કરનારો શ્રીમંત માણસ આખા સંસારને ચોરી, છેતરપીંડી અને લુંટ-ફાટના રસ્તે દોરવનારો બનશે. જે મહાપાપ છે. સામ્યવાદનો જન્મ મૂડીવાદના પાપે જ થયો છે. આ જ કારણે આજના ભારતમાં શ્રીમંતો અને તેમના સંતાનો દૂધ, મલાઈ, રાબડી, મેવા, મિષ્ટાન્ન અને નારંગી-મોસંબી ખાતા પણ રોગિષ્ટ અને પાંગળા રહે છે. જ્યારે દ્રવ્ય અને પદાર્થના અભાવમાં ગરીબો, ઓછી કમાણીવાળાઓ, કમાણી વિનાના ભાગ્યશાળીઓ દૂધ, મોસંબી, દવા અને વસ્ત્ર આદિના અભાવમાં રોગિષ્ટ રહે છે અને કમોતે મરી રહ્યા છે. આ બધા અનિષ્ટો સર્વથા અનિષ્ટો-અનર્થ મૂલક તત્ત્વોને જોયા-જાણ્યા પછી જ દયાના સાગર ભગવાન મહાવીર-સ્વામીએ પરિગ્રહના નિયંત્રણ ઉપર ભાર મૂકતાં કહ્યું કે, "હે માનવ! હે શ્રીમંત! તારે જો સુખી બનવું હોય, તારા બાળ બચ્ચાઓને સુખી તથા સદાચારી બનાવવા હોય તો રોજના ઉપયાગમાં આવનાર પદાર્થોના પરિગ્રહની મર્યાદા કરજે, તેમજ ખાસ કરીને માનવ માત્રને ઉપયોગમાં આવનારી વસ્તુઓનો સંગ્રહ કરીશ નહીં." અન્યથા માનવ જાતનો સ્વભાવ પરિગ્રહને વધારનારો હોવાથી વનસ્પતિના અનંત ઉપકારને ભૂલીને પણ તેનો સંગ્રહ કરશે અને બીજા હજારો માનવોને ભૂખે મારવાની સ્થિતિ ઉભી કરીને પોતે પોતાની જાતને દુખી-મહાદુઃખી, રોગી-મહારોગી બનાવશે. સાથોસાથ સંસાર સાથે વૈર-વિરોધ વધારીને ગરીબોને મહાગરીબ બનાવશે. કેમકે 'પરિગ્રહ સ્વતઃ મહાપાપ છે' મહાપાપમાંથી મહાધર્મ ઉપજાવી શકાય તેમ નથી. કેવળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હીરા, મોતી, માણેક, સોનું, ચાંદી, તાંબા–પીત્તળના વાસણો કે ગાડી–ઘોડાની પોતાની સ્વાર્થ પૂરતી મર્યાદા કરવા માત્રથી કોઈ પણ માનવ અપરિગ્રહી બનતો નથી.

તેમ કૂતરાઓને રોટલા કે કબૂતરોને જુવાર નાખવા માત્રથી પણ દયાળુ બની શકાતું નથી માટે જીવનનાં અણુ અણુમાં માનવમાત્ર કે જીવમાત્ર પ્રત્યે દયાભાવ કેળવવા માટે જીવનનાં પ્રત્યેક ક્ષેત્રમાં પરિગ્રહ પરિમાણ વ્રતની આવશ્યકતા છે. ત્યારે જ માણસ, પોતાના દેશનો, કુટુંબનો, ગામનો અને છેવટે પોતાની જાતનો સાચો મિત્ર બનશે. આ પ્રમાણે ત્યાગધર્મની ભાવનાપૂર્વક પરિગ્રહની મર્યાદા કરવાથી પ્રાપ્ત થયેલો દયાધર્મ જ માણસને સાચા અર્થમાં માણસ બનાવશે, અને માનવનાં ખોળીયામાં જ સાચું દેવત્વ પ્રાપ્ત કરાવશે.

" મર્યા પછી દેવલોક મેળવવાની ભાવના તો કેવળ આત્મ છલના છે અને અધાર્મિક જીવનનું મુળ છે, જ્યારે જીવતા જ આપણાં જીવનમાં દેવતત્ત્વની પ્રાપ્તિ માટે પુરૂષાર્થ કરવો એ જ સાચો જૈન ધર્મ છે. "

" પરિગ્રહવંત કે પરિગ્રહમાં જેને મુર્ચ્છા છે તેને દેવ તત્ત્વ સાથે હાડવૈર છે. "

આ પ્રમાણે સૌ જીવોને સુખી–મહાસુખી બનાવવા માટે ભગવાને 'પરિગ્રહ પરિમાણવ્રત'ની ઉદ્‌ઘોષણા કરીને જગદુદ્ધારકનું સાચું બીરૂદ જ પ્રાપ્ત કર્યું છે. જે ભાગ્યશાલીઓ આ વ્રતના પાલક બનશે. તેનો દયાધર્મ પણ વિકસિત અને અમર્યાદિત બનતા કોઈપણ જાતનો પરિગ્રહ વધારવા માટે તેને ઉત્સાહ રહેશે નહી. પછી ચાહે પહેરવાના કપડા હોય, ખાવાની વસ્તુઓ હોય. કે ફળ હોય. ખરીદ કરતાં પહેલાં જ તેનો આત્મા અંદરથી પડકાર ફેંકશે કે 'બજારમાં વેચવા માટે આવેલા પદાર્થોનો જેમ મને ભોગ કરવાનો હક્ક છે, તેમ બીજા મારા માનવ ભાઈઓ પણ હકદાર છે માટે મારી ખરીદી ઉપર જ કંટ્રોલ કરીને બીજાઓને માટે તે પદાર્થોની પ્રાપ્તિ સુલભ બનાવું "

આ પ્રમાણે શાકભાજીથી લઇ કપડા સુધીની ખરીદીમાં પણ પરિગ્રહ નિયંત્રણની ભાવના થતા માનવ માનવની વચ્ચે દયાધર્મ, મૈત્રીભાવનો પ્રવેશ થશે અને સૌ કોઈ સંપીલા રહીને પોતાના સ્વધર્મની ઉન્નતિ કરનાર બનશે.

એક જ ઝાડમાં સંખ્યાત–અસંખ્યાત જીવોની વિદ્યમાનતા હોવાથી અને હજારો–લાખો ઝાડોને કપાવ્યા પછી ઉત્પાદિત કોલસાનો પાપવ્યાપાર અને તે દ્વારા લાખો–કરોડોની કમાણીને મહાવીર સ્વામીનો અનન્ય ઉપાસક (દયાધર્મનો સ્પર્શ જેને થયો હશે તે) કરી શકે તેમ નથી. કેમકે અંગારકર્મ, વનકર્મ અને દવદાહકર્મ અત્યન્ત નિંદનીય પાપ છે, માટે આવા હિંસક કર્મો કરનારના હૈયામાં મહાવીર સ્વામીનો ધર્મ સ્થાયી બની શકે તેમ નથી.

માટે જ દયાના સાગર ભગવાને આવા પાપકર્મોને સર્વથા ત્યાજ્ય કહ્યાં છે. કારણ આપતાં કહ્યું છે કે અનંતાનંત જીવોની હત્યા દ્વારા મેળવેલો પૈસો, બંગલો, હીરા–મોતીના આભૂષણો કે હરવા ફરવાની મોટરો પણ છેલ્લા સમયે તેના માલિકને આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાનથી બચાવી શકે તેમ નથી.

આર્ત્તધ્યાનમાં મરનારો ચાહે ગમે તેવો ધર્મધ્યાની હશે તોયે સદ્‌ગતિને સ્થાયી બનાવી શકે તેમ નથી. જ્યારે રૌદ્રધ્યાનમાં મરનારને તેનો ભેગો કરેલો પૈસો કે મોટર ગાડી, લાડી, વાડી પણ નરકમાં જતા અટકાવી શકશે નહીં.

For Private And Personal Use Only

પરિગ્રહ પ્રાયઃ કરીને નિર્દયતા આપે છે અને નિર્દયતા જ આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાનને આપે છે. તેથી પરિગ્રહના ત્યાગ વિના કે તેને સંયમિત કર્યા વિના કોઇ પણ જીવાત્મા દયાળુ બનતો નથી. તેથી દયા ધર્મની પ્રાપ્તિ માટે, સમતા ધર્મના વિકાસ માટે અને અહિંસા ધર્મની ટ્રેઇનિંગ લેવા માટે પણ વનસ્પતિ અને તેનાથી ઉત્પાદિત પદાર્થોનું પરિગ્રહ નિયંત્રણ સર્વથા અનિવાર્ય છે.

વધારે આગળની શતાબ્દિઓ સુધી ભલે ન જઇએ તો પણ છેલ્લી લડાઈ પછી માનવે પરિગ્રહ નિયંત્રણ કરી લીધું હોત, તો ભારત દેશ બધી રીતે સુખી, સંતોષી અને આઝાદી દ્વારા આબાદીને ઉત્પન્ન કરી શક્યો હોત. પરંતુ પરિગ્રહના પાપે પોતાના વ્યાપારમાં સંયમ એટલે વ્રતોની મર્યાદા કરી શક્યા નથી, માટે સીમાતીત જૂઠ, પ્રપંચ, ખોટા પ્રપંચ, ખોટા તોલમાપ, વ્યાજ, કાળાબજાર, બે નંબરનું નાણું, ખોટા અને બનાવટી હીસાબના ચોપડાઓ, ભેળસેળ, આવક અને વેચાણવેરામાં કરાતી ચોરીઓ ઉપરાંત દાણચોરીના વિવિધ ધંધાઓ આપણે કરતાં થયાં. ફળસ્વરૂપે આ ભવને બગાડ્યો અને આવતા ભવના દુશ્મન બનવા સાથે જૈનધર્મને તથા ગુરુઓને પણ મહદંશે બદનામ કર્યા છે.

માટે જૈનધર્મને સર્વોપરિધર્મ અને મોક્ષ મેળવવાને માટે મૌલિક ધર્મ આપણે માનતા હોઇએ તો સર્વ પ્રથમ માનવમાત્રને પરિગ્રહ ઉપર સંયમ કેળવ્યા વિના ચાલશે નહિ અન્યથા પરિગ્રહ વૃત્તિ અર્થાત્ વધુ અને વધુ એકઠું કરી લેવા પાછળની દોટ ભારતભૂમિના માનવોને સત્યાનાશના પંથે લઈ ગયા વિના નહિં રહે; શાસનદેવ સૌને સદ્બુદ્ધિ આપે !

"બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત ખુદ આપણને આનંદ આપે છે."

લોખંડ
ના

ગોળ અને ચોરસ સળીયા

પટ્ટી તેમજ પાટા

વિગેરે મળશે

ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ : ભાવનગર

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન
ઓફીસ ૫૬૫૦, ૩૨૧૯
રેસીડેન્સ ૪૫૫૭, ૫૫૨૫

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મ ચિકિત્સા

લેખક : અમર

ચેતન આત્મા મિથ્યાત્વના ગાઢ અજ્ઞાનથી બેશુદ્ધ થઇ ગયો; તેને અધ્યાત્મ હોસ્પીટલમાં દાખલ કર્યો. અધ્યાત્મ ચિકિત્સક, અનુભવી ડોકટરોએ, સર્જનોએ તેની દરેક પ્રકારની ચિકિત્સા–નિદાન શરૂ કર્યું. તેનામાં ગાઢ મિથ્યાત્વનો મહારોગ લાગુ પડેલો જોયો; એનાથી તે સંશય, વિભ્રમ આદિથી બેશુદ્ધ થયેલો છે, એમ નિર્ણય કર્યો. છેવટે સર્વાનુમતે મિથ્યાત્વનું ઓપરેશન કરવાનો નિશ્ચય થયો, ત્યાર પછી સમ્યકૃત્વની ટ્રીટમેન્ટ આપી. તેને સંપૂર્ણ નિરોગી બનાવી શકાશે એમ આધ્યાત્મિક ડોકટરોએ અભિપ્રાય આપ્યો. તેને મિથ્યાત્વનું દમન, કષાયોનું શમન કરવા માટેની ટ્રીટમેન્ટ શરૂ કરી. દેહ આત્માની ભિન્નતા, આત્માનું હોવાપણું, તેનું નિત્યપણું, કર્મનું કર્તાપણું, કર્મનું ભોક્તાપણું અને તેનો મોક્ષ અને મોક્ષનો ઉપાય, એમ છ જાતની દવાઓનું મીકચર ખૂબ જ પરહેજીપૂર્વક એક પછી એક ડોઝ આપવા લાગ્યા. અને જ્યારે ડોકટરોને ખાત્રી થઇ કે હવે તેના આત્મામાં આ બધું યથાર્થ પરિણમી ગયું છે, એમ લાગ્યુ અને હવે તેનામાં આત્મબળ, આત્મ સ્થિરતા આવવાનાં લક્ષણો જણાયા છે, હવે તેના ઓપરેશન માટે બરાબર તેની શક્તિ આવી ગઈ છે. પેલું, બીજું, ત્રીજું સ્ટેજ વટાવતા તેને ઓપરેશન માટે થીએટરમાં લઇ જવામાં આવ્યો અને તેને જ્ઞાનનું કલોરોફોર્મ સુંઘાડી શાંત કરવામાં આવ્યો. એ જ્ઞાનના ધ્યાનમાં જરા સ્થિર થયો એટલે સર્જને બહુ જ ચપળતાથી તેનું મિથ્યાત્વનું ઓપરેશન બહુ જ સફળતાપૂર્વક અને જરા પણ તકલીફ ન પડે તેમ સરળતાથી, સહજતાથી કરી નાખ્યું.

તેને શુદ્ધિમાં લાવવા માટે 'જ્ઞાનાંજન'ની ટ્રીટમેન્ટ આપી, તેના જ્ઞાનચક્ષુઓ ખુલી ગયા. અને ડોકટરની સામે દીવ્યતાથી જોયું અને હર્ષાવેશમાં ડોકટરને નમસ્કાર કર્યા, ડોકટરે તેને આશીર્વાદ અને આશ્વાસન આપ્યું. હવે મિથ્યાત્વથી મુક્ત થયા છો, હવે તમોને બધી દવાઓ એક પછી એક લાગુ પડતી જશે અને તમે ક્રમિક રીતે રોગમુક્ત થતા જશો, પરંતુ ખૂબ જ ધીરજ, ખંત અને પુરૂષાર્થ કરવાનો રહેશે.

હજુ અવિરતિ, કષાય, પ્રમાદનો જય કરવા માટે તમારે ઘણી લાંબી ટ્રીટમેન્ટ લેવી પડશે. હજુ તમે ચોથા સ્ટેજ ઉપર આવ્યા છો; તમારે ચૌદમા સ્ટેજ સુધી પહોંચવાનું છે, એટલે ખૂબ જ સાવધાન રહી સ્થિરતાપૂર્વક એક એક પગથીયું વટાવો, પાંચમું ને છઠ્ઠું પગથીયું લાંબા ગાળાનું છે, તેમાં તમારી સંપૂર્ણ કસોટી છે. અનાદિ કાળનો આ ભવ રોગ તમોને લાગુ પડ્યો છે. સાતમા પછી આઠમામાંથી ૧૨મે પગથીયે તો તમો જો બરાબર એકાગ્રતાનો ઉપયોગ રાખશો તો ૧૧મે પગથીયે ઉપશમ ભાવનો ભય છે, અને ત્યાં મોહમાં ફસાઇ ગયા તો વળી પાછા પેલે ઠેકાણે આવી પડશો અને ફરી ઓપરેશન કરવું પડશે માટે જરા પણ પ્રમાદ કરશો નહિ.

આ પછી તેને તેના ચિકિત્સા રૂમમાં સ્વાધ્યાય ધ્યાન ખંડમાં દાખલ કરવામાં આવ્યો, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને ચોથા–પાંચમા–છઠ્ઠા સ્ટેજની હિતશિક્ષાઓ-રૂપ દવાઓ શરૂ કરવામાં આવી. ભાવ ઉપર લક્ષ રાખી, ઉપયોગમાં રહેવા સૂચના કરી; આત્માના શુદ્ધ ભાવનું લક્ષ રાખવા શુદ્ધ અરિહંત પરમાત્માનું તેની સામે આલંબન પલંગ ઉપર ટીંગાડવામાં આવ્યું, તેમાં દૃષ્ટિ સ્થાપન કરી બધા સંકલ્પ-વિકલ્પથી મુક્ત રહેવા માટે સ્વાધ્યાયરૂપી દવાઓની બાટલીરૂપ ગ્રંથો તેના પલંગ પાસે મૂકવામાં આવ્યા. શમ–સંવેગ–નિર્વેદ-આસ્થા–અનુકંપાના ઇંજેકશનોનો કોર્સ ચાલુ કર્યો.

અવિરતિ રૂપ હિંસા, અસત્ય, અનીતિ, કુશીલતા અને પરિગ્રહની મુર્છાના ત્યાગથી આ ચિકિત્સાની શરૂઆત કરી. અને ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયોના હુમલા સામે રક્ષણ કરવા માટે ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષની ઢાલરૂપી ચાર ટીકડીઓ મૂકવામાં આવી. મન–વચન–કાયાનું પૃથક્કરણ કરાવી મન શુદ્ધિ, વચન શુદ્ધિ, કાય શુદ્ધિ તરફ લક્ષ રાખવા જણાવી, ડોકટર પોતાના ખંડમાં ગયા. તેના સત્સંગીરૂપ કુટુંબીઓએ તેની બરોબર ટ્રીટમેન્ટ કરવા, તેને શાતા રહે તે માટે પોતાની સેવાઓ રાત દિવસ આપે રહી, જ્ઞાનચર્યા–તત્ત્વચર્યામાં તેના ભાવોલ્લાસને પ્રકાશિત કરવા લાગ્યા. તું પોતે જ ચેતન આત્મા છે. બાકી આ બધું દૃષ્ય છે તે અચેતન જડ છે. તું અરૂપી છો, તે રૂપી છે, તું અનંત દર્શન, જ્ઞાન ચારિત્રમય છો, તે શબ્દરૂપ રસ ગંધ સ્પર્શમય છે. તારો ને તેનો સંબંધ અજ્ઞાનથી, મિથ્યાત્વથી, અનાદિકાળથી થયો હતો હવે તારા સમ્યક્ નેત્ર ખુલ્લી ગયા છે, તારા મિથ્યાત્વનું ઓપરેશન થઈ ગયું છે: હવે તું તારૂં સ્વરૂપ તારી અંદર અંતર્મુખ દૃષ્ટિ કરીને જો, અનંત અવ્યાબાધ સુખ સ્વરૂપ તને અનુભવાશે. આ બધું હું ને મારૂં એવા મોહના અંધકારથી અંધ થયેલી તારી દૃષ્ટિ જ્ઞાનાંજનથી પ્રકાશીત થઇ છે મારે આમ કરવું, એવા સંકલ્પને હું આમ કરીશ તેવા વિકલ્પથી, તું વિરમીશ ત્યારે તારો નિર્વિકલ્પ આનંદ તને સ્વાનુભવમાં પૂર્ણ આરોગ્ય અવસ્થામાં પ્રાપ્ત થશે. અને તું કૃત્યકૃત્ય થઈ જઈશ. પછી તું તારા અખંડ અનંત આનંદમાં સકલ વિશ્વને પ્રેમસ્વરૂપ નિરખીશ, અને પરમ શાંતિનો તને અનુભવ થશે. તારા રાગ દ્વેષ મોહ અને અજ્ઞાન રૂપી ભાવ રોગોનું સંપૂર્ણ શમન થઈ જતાં તું અનંતજ્ઞાન–અનંતદર્શન અનંતવીર્ય અવ્યાબાધ સુખને સ્વાનુભવ મંદિરમાં તારી પ્રિય ચેતના સાથે અનુભવીશ.

તેણે અખંડ અહિંસાથી છ કાય જીવોને અભયદાન આપ્યું અને પોતે અભય થયો. તેણે સંયમથી સત્તર પ્રકારના અસંયમનો ત્યાગ કર્યો. પરમ સંવર તત્વની સિદ્ધિ કરી તેણે પૂર્વકૃત સત્તામાં રહેલા સર્વ રોગને બાળી નષ્ટ કરવા તપ રૂપ બાર પ્રકારની સાધના કરી અને ઘાતીકર્મ રૂપ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાયકર્મનો ક્ષય કરવા સાધના બક્ષે આ બધા સાધનો વડે સાધનાની સિદ્ધિ માટે પુરુષાર્થ ચાલુ રાખ્યો.

ડોકટરે આવી તેની ફરી સરવાઇ કરી તેની આ સમ્યક્ આરાધના રૂપ ટ્રીટમેંટથી ખૂબ જ ખુશી થયા. હવે હમણા તમારે સાતમા સ્ટેજ સુધી આ હોસ્પીટલમાં અમર સાધના મંદિરમાં આ મુજબ જ સાધના કરવાની છે અને અપ્રમત્તભાવની દવાઓ ચાલુ રાખવાનો સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન રહેવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'પર્યુષણ'નાં સંદર્ભમાં

લે. : ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M. B. B. S. પાલીતાણા

'જીભ જીતી તેણે જગ જીત્યું'
ફળ હશે એ પર્વારાધનાનું'!

થોડા જ દિવસોમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ આવી રહ્યા છે એની આપણે પ્રતિક્ષા કરી રહ્યા છીએ, જ્યારે આરાધકો માસખમણ, અઠ્ઠાઈ આદિ તપશ્ચર્યા કરી સ્વાદ-આસ્વાદ ત્યાગશે અને જિન-ભક્તિ તેમજ ધર્મ-ક્રિયા કરી પ્રભુ-ગુણ ગાશે. એમ આ પવિત્ર દિવસોમાં શ્રી ચતુર્વિધ સંઘ આરાધના કરતાં 'જીભ', જેનું જગત ગુલામ છે, એને જીતશે-ધન્ય બનશે! આવી ધર્મ-ચર્ચા અમારા 'સામાયિક-મંડળ'માં થઈ રહી હતી, જ્યારે અમારા મંડળનાં પંડિતજી શ્રી કપુરચંદભાઇ વારૈયાએ એ પ્રશ્ને પ્રકાશ પાડતાં કહ્યું—

"મિત્રો આપણે સૌ જાણીએ છીએ. 'જીભ' એ માનવીના અંગોમાંનું એક વિશિષ્ટ અંગ છે, જે સંસારમાં માનવીના જીવનને સારો-નરસો વળાંક આપે છે, ચારિત્ર-ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે, એ બે-ધારી તલવાર છે, જેનો ઉપયોગ સારી કે ખરાબ રીતે થવામાં એના વાપરનાર પર અવલંબે છે."

'જીભ'ના બે મુખ્ય કાર્યો સારૂં-નરસું બોલવું અને કડવો-મીઠો સ્વાદ લેવો. પરિણામે જીવાત્મા સજ્જન કે દુર્જન બની શકે છે. સંજોગો ને સ્વભાવ અનુસાર માનવી કાં સાત્વિક-તાત્વિક ને ગંભીર-ગૌરવભરી વાતો-વિચારણા કે આદેશ-ઉપદેશ દ્વારા આદરણીય વિભૂતિ બને છે, કાં કઠોર-કડવી ને કલુષિત-દુષિત ભાષા દ્વારા દુર્જન તરીકે પંકાય છે. જ્યારે સ્વાદ-આસ્વાદ ને સંદર્ભે પામર જીવ કાં સ્વાદિષ્ટ-સ્નિગ્ધ ને મીઠા-મધુરા મનભાવતાભોજન આરોગી રસસાગરમાં સરી પડે છે ને છેવટે વિલાસી-પ્યાસી બની જાય છે, કાં કડવો-મીઠો કે સ્વાદહીન ખોરાક, ગમે તેવો મળે, તો પણ વિના સંકોચે વાપરે છે અને સમભાવી રહે છે.

આમ માનવી સારી-નરસી ભાષાને કારણે ચડતી-પડતીનાં ચક્રમાં ફસાયાનાં અને વૈભવ-વિલાસને કારણે વિલાસમાં ખૂંપી ગયાનાં કે વૈરાગ્યથી સમભાવી બન્યાનાં દૃષ્ટાંતો આપતાં, જેથી ઘણું ઘણું અમને જાણવાનું મળે. આવો એક પ્રસંગ (કથા-વાર્તાનો) કહેલ તે ઉલ્લેખનીય હોઇ 'આત્માનંદ-પ્રકાશ'નાં વાંચકો સમક્ષ રજુ કરવો ઇષ્ટ માની લખી રહ્યો છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંડિતજી કહેતા—" મિત્રો, આપણે સામાન્ય માનવીઓ તો ભાષા વર્ણણાના કે સ્વાદ લોલુપતાના વિષયચક્રમાં ફસાઇ જઈએ એ બને, પરંતુ કવચિત્ જ્ઞાની હોવાનો દાવો કરતા અને ઉચ્ચ કક્ષાના આત્માઓ પણ અટવાઈ ગયાના અને અધોગતિ અનુભવ્યાનાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં મળે છે." આટલી ભૂમિકા સાથે પંડિતજીએ એક સુંદર વાર્તા વર્ણવી.

તેમણે કહ્યું—મિત્રો, કોઇ એક નગરમાં સમર્થસિંહ નામે રાજા રાજ્ય કરે છે. ઘણો ભલો અને દયાળુ છે પોતાની અવસ્થા (વૃદ્ધાવસ્થા) થતા અને વૈરાગ્યભાવના જાગતા પોતે પ્રવ્રજ્યા અંગીકાર કરી, રાજ્ય પોતાનાં પુત્ર શક્તિસિંહને સોંપી ચાલી નીકળે છે. શ્રમણત્વને રંગે રંગાયેલ મુનિવર્ય સ્થળે સ્થળે બાળજીવોને ધર્મ પમાડવા સુંદર ઉપદેશ આપતાં વિચરે છે એક તો રાજાનો જીવ અને જ્યાં ત્યાં ગૌચરી–વિહારનાં પણ ઠેકાણા નહિ છતાં સહન કરતાં મુનિવેશને શોભાવે છે. પણ ધીમે ધીમે તબિયત બગડતી ચાલી અને અતિસાર–સંગ્રહણી જેવો રોગ લાગુ પડી ગયો. વિહાર કરતાં કરતાં પોતાનાં ૫૦૦ શિષ્યો સાથે પોતાનાં નગરમાં આવી પહોંચે છે.

રાજાનાં પુત્ર, વર્તમાન રાજવીને પિતા મુનિવર્ય આવી રહ્યાનાં સમાચાર મળતાં સામૈયું કરી સુસ્વાગતપૂર્વક નગરપ્રવેશ કરાવે છે. જાણ થતાં મુનિવર્યની નાદુરસ્ત ને બિમાર તબિયત અંગે પોતાના રાજ્યવૈદ દ્વારા યોગ્ય ઉપચારો કરાવે છે. જેથી મુનિવર્ય નિરોગી થાય છે. અને પછી પોતાના પાંચસો શિષ્યો સાથે ત્યાં જ સ્થિરવાસ કરે છે. ગુરૂદેવ નિરોગી થવા છતાં અશક્તિ ઘણી છે, શરીર શિથિલ રહે છે; એટલે રાજા તેમને સારો, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ખોરાક મળે તેવો પ્રબંધ કરે છે. જેથી મહાત્મા ધીમે ધીમે સ્વસ્થ થતાં જાય છે. પરંતુ ઘણા સમયથી ભોજન–વાનગીઓનો મીઠો મધુરો સ્વાદ અનુભવતા હોઇ, આવા માદક ખોરાકમાં આસક્ત બને છે. અને બધી જ સગવડ હોય મનભાવતી વાનગીઓ બનાવડાવી શોખથી આરોગે છે. જે કારણે મહાત્મા ધીમે ધીમે પોતાની ધર્મ આરાધનામાં પ્રમાદી–શિથિલ બની જાય છે, અને એટલે શ્રમણત્વ ચારિત્ર એમનાથી દૂર ભાગવા લાગે છે." પંડિતજીએ પોરો ખાધો અને સ્વાદ, લાલસાની આવી ભયંકર અસરનુ આશ્ચર્ય અમારા મુખ પર નિહાળી આગળ ચલાવ્યું.

" મિત્રો પછી તો પેલા પાંચસો શિષ્યો જેઓ સાધુતામાં સ્થિર અને સંયમમાં રચ્યા પચ્યા રહેતા તેઓ ગુરુજીની આવી લાલસા અને શિથિલતા જોઈ ક્ષોભ પામે છે, અણગમો અનુભવે છે. વળી ગુરૂજીની આવી લાલસા અને શિથિલ બનતા ભાષામાં પણ કઠોરતા આવે આવે છે. અને તુંડ મિજાજી બની જઇ પોતાનાં શિષ્યોને જ્યારે ત્યારે દબડાવે છે, ઠપકો આપે છે. પોતાની સગવડો સાચવવા હુકમો છોડે છે. કોઇ વાર ન માનતા કડવી વાણી સંભળાવી ઉપાલંભો આપે છે આમ ગુરૂજીનું વિલાસી વર્તન, ચારિત્રની શિથિલતા અને કડવી વાણીથી કંટાળી લગભગ બધા શિષ્યો તેમને ત્યાગી જાય છે. માત્ર એક જ સેવા નિષ્ઠ ગુરૂભક્ત શિષ્ય વિનય વિજય ગુરૂની સેવામાં ટકે છે. ગુરૂજીનાં કડવા વેણ, ઉગ્ર ઠપકો અને તેજ મિજાજ સહન કરતો ગુરૂજીની બધી સગવડો સાચવે છે. એમ કરતાં ચાતુર્માસ પુરૂ થયું. પેલો શિષ્ય કાર્તિક પૂર્ણિમાને દિવસે પ્રતિક્રમણ કરી, ચૌમાસી ખામણા ખમાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુરૂજી તો હજુ સુતેલા છે તેમનાં ચરણમાં મસ્તક નમાવી 'ખામણા' કરતાં તેમનાં પગને શિષ્યનું માથું અડકી જતાં ગુરૂજી ગુસ્સે થઇ બરાડી ઉઠ્યા, "કોણ મને અડકે છે, જગાડે છે, ભાન છે કે નહિ? મને અશાંતિ કરે છે." આવા વચનો સાંભળી આજ્ઞાંકિત શિષ્ય નમ્રભાવે કહે છે, 'ગુરૂદેવ, હું આપને ચાતુર્માસ પૂર્ણ થયું હોઇ, ખમાવું છું. ક્ષમા કરો. મારૂં મસ્તક અડકી જતાં આપને જાગૃત કર્યા. મને માફ કરો, ગુરૂદેવ મારો અવિવેક દર-ગુજર કરો, ક્ષમાવંત!' આદિ શબ્દોથી શિષ્યે ક્ષમા માંગી. પંડિતજી થોડું અટકયા અને ક્ષમાભાવની અમારા ઉપર અસર નિહાળી આગળ વધ્યા.

મહાનુભાવો, ગુરુજી તો આ શબ્દો સાંભળી એકદમ ચમકયા—અરે, આ શિષ્ય ચાતુ-ર્માસ નિમિત્તે મને ખમાવે છે. જે યોગ્ય ને યથાર્થ છે. છતાં મેં તેને ઠપકો આપતાં ને કડવાં શબ્દો કહેતા સહન કરી ક્ષમા યાચે છે, ધન્ય છે એને! વાહ એનો વિનય ને વિનિત-ભાવ! અને કહી રહ્યા...."શાબાશ નમ્ર ને વિનયી સહનશીલ ને સમભાવી આત્મા ધન્ય છે તને!" અને સ્વગત પોતે વિચારી રહ્યા—

'મેં કર્મવશાત્ બિમારી ભોગવી, સ્વસ્થ થયા બાદ સ્વાદનો (રસનેન્દ્રિયનો) ભોગ બની આચારમાં શિથિલતા આચરી અને વિચારમાં ને વર્તનમાં પણ કઠોર બન્યો. એક ગુરૂકક્ષાએ છતાં આચારહીન શિથીલ બની ગયો! જ્યારે મારો જ શિષ્ય આટલો વિનયી, સમભાવી ને વૈરાગી બની રહ્યો. ધિક્કાર છે મારા આત્માને કે મેં જીભનાં સ્વાદમાં ને વચનોની કડવાશમાં શ્રમણ જીવનમાં પ્રાપ્ત કરેલ બધું ખોયું. પણ આજે આ યોગ્યતાને વરેલ મારાજ શિષ્યે મસ્તકનાં સ્પર્શથી તો મને નિદ્રામાંથી જગાડ્યો. પરંતુ આજ સુધી સેવેલ વિલાસ ને શિથિલાચારમાં ઘોરતો મને તેણે જગાડયો છે. આમ દ્રવ્ય (ઉંઘ) અને ભાવ (આચાર) બંને નિદ્રામાંથી આ વિનયી શિષ્યે મને જગાડી ઉપકાર કર્યો છે.' એમ વિચારી ગુરૂએ શિષ્યને માથે હાથ મૂકી ધન્યવાદ આપ્યા અને પોતાનું જીવન પલટાવી નાખ્યું. જીભનો સ્વાદ ત્યાગી દીધો, કઠોર વાણી છોડી દીધી ને શુદ્ધ આચાર-વિચાર પાળતા શ્રમણત્વમાં સ્થિર થયા. પછી તો પેલાં પાંચસો શિષ્યો પણ હકીકતો સાંભળી-જાણી પાછા ફર્યા અને ગુરૂજીની સાથે સાધના-આરાધના કરતાં કાયોત્સર્ગ ભાવે સિદ્ધગિરિ ઉપર સિદ્ધિપદને પામ્યા. પંડિતજીએ વાર્તા પૂર્ણ કરતાં એક સૂચક દૃષ્ટિ અમારી તરફ ફેંકી અને અમારો મૂક આનંદ અને સંતોષ જોઇ જાણે પ્રેરણા પામ્યા હોય તેમ પોતાનું વક્તવ્ય આગળ ચલાવ્યું.—

"જિજ્ઞાસુ મિત્રો, આ કથાથી તમને રસનેન્દ્રિયના (જીભના) પ્રભાવ વિષે જાણવાનું મળ્યું સંતોષ થયો એમ માનું છું. તો હવે એ સંદર્ભમાં થોડા જ સમયમાં આવી રહેલ પર્વાધિરાજ પર્યુષણ પર્વ અંગે પણ કાંઇક વિચારીએ. તમો જાણો છો આ પર્વના આગ-મને યોગ્ય આત્માઓ ધર્મારાધનાના ઉત્સાહમાં નાચી ઉઠે છે અને નાની મોટી તપશ્ચર્યા કરે છે અને જીભને વશ કરે છે. આપણે પણ યથાશક્તિ આવી તપશ્ચર્યા કરીશું અને જીભની ગુલામી ત્યાગીશું. વળી પર્વ દિનોમાં પ્રભુના દર્શન-પૂજન-કીર્તન કરવાનો, ગુરૂદેવોનાં પ્રવ-ચનો સાંભળવાનો, ધાર્મિક ક્રિયા-કાંડ કરવાનો, સ્વ-ધર્મીઓ સાથે ખમત-ખામણા કરવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાભ લઈશું. અંતરના ઉમળકાથી આરાધના કરીશું." અને પંડિતજી અટકયા. અમારી ટીકા-ટિપ્પણની જાણે અપેક્ષા હોય! ત્યાં અમે બોલી ઉઠ્યા—"વાહ. પંડિતજી! સરસ કથા કહી. ધન્ય પેલા શિષ્ય ને ધન્ય એ ગુરૂ! જરૂર પર્યુષણમાં આપણે સૌ તપશ્ચર્યા ને આરાધના યથાશક્તિ કરી 'જીભ'ને સ્વાદમાં ને શબ્દમાં વશ રાખીશું. માત્ર આપની પ્રેરણા અને પુષ્ટિ અમને મળતી રહે." એમ અમારૂં વક્તવ્ય પુરૂં કરીએ ન કરીએ ત્યાં તો વચ્ચે જ પંડિતજી ઉત્સાહથી બોલ્યા—"વાહ શ્રદ્ધાળુ મિત્રો, તમારો પર્યુષણ પ્રત્યેનો આદર અને ધર્મ પ્રત્યેનો અનુરાગ પ્રશસ્ય છે. જરૂર આપણે સૌ સાથે મળી પર્યુષણ પર્વ ખૂબ આનંદથી-ઉત્સાહથી ઉજવીશું. મારા તરફથી તમને વિધિ-વિધાન ને આરાધના અંગે બધું જ માર્ગદર્શન મળશે. આપણે પ્રતિવર્ષ જેમ શકય તપશ્ચર્યા, દર્શન-પૂજન, વ્યાખ્યાન શ્રવણ, પ્રતિક્રમણ, પૌષધ, ચૈત્યપરિપાટી. ખમત-ખામણા આદિ કરીશું ને પર્વ પ્રેમપૂર્વક ઉજવીશું" એમ કહેતા પંડિતજી ખૂબ ઉત્સાહમાં આવી ગયા. અને અમે એમનો આભાર માની ધન્યવાદથી વધાવ્યા.

આમ કથા શ્રવણ અને ચર્ચા-વિચારણાના સંદર્ભમાં પર્વારાધનાના ઉત્સાહમાં એક બે ઉત્સાહી મિત્રો બોલી ઊઠ્યા : "તપથી ને ભક્તિથી 'જીભ'ને અંકુશમાં રાખી સંયમની સીડી ચડીએ ને મુક્તિધામ પ્રતિ આ પવિત્ર પર્વનાં સહારે પ્રયાણ કરીએ. 'જીભ જીતી તેણે જગ જીત્યું' એ કહેતીને પર્યુષણની આરાધનાથી યથાર્થ કરીશું."

સામાયિક પૂરી થઈ, અમે સૌ મિત્રો પર્યુષણ પર્વ રૂડી રીતે આરાધવા-ઉજવવાનો સંકલ્પ કરી વિખરાયા.

જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.

દરેક પ્રકારના...
સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે
મહાલક્ષ્માં સ્ટીલ કોર્પોરેશન
શો રૂમ :— ગોળ બજાર □ ભાવનગર □ ફોન નં. 4525

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ભદ્રેશ્વર–શંખેશ્વર યાત્રા ચોવીશી

[તીર્થ યાત્રાનાં મીઠા–મધુરા સંસ્મરણો]

• • • • • • •

રજુ કરનાર : ડૉ. ભાઈલાલ એમ. બાવીશી M.B.B.S. પાલીતાણા

(સ્તુતિ–કાવ્ય)

રાગ–રંગ તાળી, રંગ તાળી, રંગ તાળી રે...

ચાલો જઈએ, ચાલો જઈએ, ચાલો જઈએ;
ભદ્રેશ્વર ભેટવા જીરે !

જ્યાં જઈને પ્રભુ 'વીર'ને વંદાય રે, ભદ્રેશ્વર૦
ત્યાં જઈને પ્રભુ 'પાસ'ને પૂજાય રે. ભદ્રેશ્વર૦ ૧

સાખીઓ

'સામાયિક–મંડળ 'તણા સભ્યોએ મળી સાથ,
'યાત્રા–પ્રવાસ' યોજીયો, કર્યું પ્રયાણ સંગાથ;
'નવકાર' મંત્રનું સ્મરણ થાય રે. ભદ્રેશ્વર૦ ૨

'જય મહાવીર' ઉચ્ચરી આદર્યું તીર્થ પ્રયાણ,
સ્તુતિ–સ્તવન લલકારતાં લેતા ભક્તિ લ્હાણ;
ગીત ગાતા ગાતા રસ્તો કપાય રે. ભદ્રેશ્વર૦ ૩

રાજકોટ ને મોરબી દર્શન–પૂજન કીધ,
અંતર અમ આનંદીયા લાખેણો લ્હાવો લીધ;
અમ દિલમાં ભક્તિ ઉભરાય રે. ભદ્રેશ્વર૦ ૪

સ્વાગત સ્નેહીજનો તણાં સ્વીકાર્યાં સાનંદ,
ભોજન કીધાં ભાવથી ઉરમાં અત્યાનંદ;
મહેમાની–મિજબાની મ્હણાય રે. ભદ્રેશ્વર૦ ૫

ભચાઉ જિનવર ભેટીને, આવ્યા ગાંધીધામ,
દર્શન–ચૈત્યવંદન કીધાં, હરખ્યાં હૈયાં તમામ;
યાત્રાનો આનંદ ઉભરાય રે. ભદ્રેશ્વર૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'મિત્ર-મંડળ'નાં આગ્રહે, મળ્યા કાર્યાલયમાંય,
સ્વાગત કીધું પ્રેમથી, વર્ણન કર્યું ન જાય;
ધન્યવાદનાં તરંગો લહેરાય રે. ભદ્રેશ્વર૦ ૭



કરી ચર્ચા-વિચારણા, ને પ્રવૃત્તિની જાણ,
પ્રગતિ 'જૈન દર્પણ' તણી, સંચાલકો છે સુજાણ;
સહકારની સરવાણી વહાય રે. ભદ્રેશ્વર૦ ૮

ભદ્રેશ્વરને ભેટતાં, આનંદનો નહિ પાર,
પ્રભુ 'વીર'ને પૂજતાં, ટળ્યો પાપનો ભાર;
નિર્મળ અમ આત્મ બની જાય રે. ભદ્રેશ્વર૦ ૯

પ્રેમે 'પારસ' પૂજતાં, ભક્તિભાવ ઉભરાય,
પૂજા ભણાવી ભાવથી, અમ અંતર હરખાય!
ધન્ય ધન્ય! જીવન અમ થાય રે. ભદ્રેશ્વર૦ ૧૦

'સ્નેહ-મિલન' ત્યાં યોજતા, 'સંઘ-પૂજન' પણ થાય;
'તિલક-રૂપિયો' અર્પતા, શુભેચ્છા રેલાય!
સાધર્મિક ભક્તિ કરાય રે. ભદ્રેશ્વર૦ ૧૧

'જય મહાવીર' નિનાદતાં, પંચતીર્થ પ્રયાણ,
સ્થળે સ્થળે 'જિન' વંદતા, યાત્રા થતી પ્રમાણ;
તીર્થ સ્પર્શનાની હેલી રેલાય રે. ભદ્રેશ્વર૦ ૧૨

મુન્દ્રા, ભુજપુર, ખાખરદય, બીદડા માંડવી શહેર,
'જિન' બિંબો જુહારતાં, અંતર વહેતી લહેર;
શાસનની પ્રભાવના થાય રે. ભદ્રેશ્વર૦ ૧૩

ડુમરા ને સુથરી થઈ, કોગરાને દ્વાર,
નયનરમ્ય એ મંદિરો, કળા તણો નહિ પાર;
સમૃદ્ધિનાં મૂલ્યાંકન થાય રે. ભદ્રેશ્વર ૧૪

જખૌ પછી નલીયા જતાં, પૂજા પ્રેમે કીધ,
મ્હાણી આતિથ્ય 'સંઘ'નું, વિદાય ભાવે લીધ;
'જૈન સંઘ'નું મહત્વ ગવાય રે. ભદ્રેશ્વર૦ ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેરા કેરા મંદિરો ને ભૂજ તણાં પ્રાસાદ,
પ્રભુદર્શન દિલથી કર્યા, ઉછળે હૃદે આહ્લાદ;
ભક્તિ રંગે સહુ રંગાય રે. ભદ્રેશ્વર૦ ૧૬

અંજાર થઈને આવીયા, શંખેશ્વર મહાતીર્થ,
'દાદા'નાં દર્શન થતાં, આતમ થાય કૃતાર્થ;
પ્રભુ 'પારસ'નાં ગુણ ગવાય રે. ભદ્રેશ્વર૦ ૧૭

અંતરનાં આનંદથી, પૂજા ભાવના કીધ;
આરતી-દીવો ઉતારતાં, લાભ સવાયા લીધ,
ધર્મ શ્રદ્ધાની જ્યોત જલાય રે. ભદ્રેશ્વર૦ ૧૮

'યાત્રા'ને અનુમોદવા, 'સમારંભ' યોજાય,
'સંઘ-પૂજન' 'સેવા' તણી, ખૂબ પ્રશંસા થાય!
અભિનંદનનાં પૂર વહાય રે. ભદ્રેશ્વર૦ ૧૯

ઉપરીયાળા આવતાં, આદિનાથ વંદાય,
કાચ-મઢ્યા મંદિરીયે, ઋષભદેવ સોહાય;
'આદીશ્વર'ની જય જય થાય રે. ભદ્રેશ્વર૦ ૨૦

'પૂજા' ભણાવી ભાવથી, આતમ હિલોળા ખાય,
ગીત, સંગીત, મૃદંગથી, રસ ઝરણાં રેલાય!
અમ અંતરનાં મોર કળાય રે. ભદ્રેશ્વર૦ ૨૧

પંચાસર, વડગામ ને માંડલનાં મંદિર,
પ્રણામ ચૈત્યો જિનવરો સિંચ્યા ભક્તિનીર!
'સમકિત'નાં ત્યાં સ્નાન કરાય રે. ભદ્રેશ્વર૦ ૨૨

ચોવીશ (૨૪) તીર્થો વાંદીને, પાલીતાણા પ્રયાણ;
ચોવીશે (૨૪) તીર્થંકરો, કરજો અમ કલ્યાણ!
એવી યાત્રા ભવો ભવ થાય રે. ભદ્રેશ્વર૦ ૨૩

બાહ્યાંતર કર્મો ખપ્યા
વિશુદ્ધ આતમરામ,
શિરસા, મનસા વંદતા તારક 'તીરથ' ધામ;
'બાવીશી' 'ચોવીશી' આ ગાય રે. ભદ્રેશ્વર૦ ૨૪

'સામાયિક-મંડળ' પ્રેરિત ચોવીશ (૨૪) તીર્થોની યાત્રા કરતાં, ચોવીશ (૨૪) તીર્થંકરોની કૃપાથી-પ્રેરણાથી આ 'યાત્રા-ચોવીશી' (૨૪ કડીવાળી) રચી-ગાઈને રજુ કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેના બેંક
સમૃદ્ધિ ડિપોઝિટ યોજના

હેઠળ આપનાં નાણાં મહિને મહિને
વધુ ઝડપથી વધતાં જ રહે છે.



રૂ. ૧,૦૦૦ હમણાં રોકો અને ૬૧ મહિના બાદ રૂ. ૧,૬૫૯,
૧૨૦ મહિના બાદ રૂ. ૨,૭૦૭ અને ૨૪૦ મહિના બાદ રૂ. ૭,૩૨૮ મેળવો.

આપની બચત પર વધુ નાણાં મેળવવાનો આ એક સરળ માર્ગ છે. **દેના બેંકની** સમૃદ્ધિ ડિપોઝિટ યોજના હેઠળ મૂળ રકમ ઉપર દર મહિને વ્યાજ જમા થતું જાય છે, અને આ વ્યાજ ઉપર પણ વ્યાજ મળતું રહે છે. આમ ચક્રવૃદ્ધિ વ્યાજને કારણે આપની મૂળ રકમ ઉપર, મુદતને આધારે આપને ૮.૩% થી ૩૧.૬૪% સુધી વાર્ષિક વ્યાજ છૂટે છે.

વધુ વિગતો માટે આપની નજીક આવેલી **દેના બેંક** શાખાની મુલાકાત લો.

દેના બેંક
(ગવર્નમેંટ ઑફ ઈંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હોર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૨૩

RATAN BATRA/DB/G/288

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્યુષણ પર્વ અને અનુકંપાદાન

—તુલસીદાસ જગજીવન સવાઇ

પર્યુષણ અને અનુકંપા!!

આ બન્ને શબ્દને કેટલો બધો નજીકનો સંબંધ છે? અનુકંપા! આ એક જ શબ્દમાં ભારોભાર કંપા સમાયેલી છે.

દાન તો ઘણી જાતના હોય છે. પણ સર્વ દાનોમાં અનુકંપા દાનને સર્વશ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. સાતક્ષેત્રોમાં સૌથી ચઢિયાતું ક્ષેત્ર દાનનું ગણવામાં આવે છે.

પરંતુ દાન કયારે થાય? દાન કેવું હોવું જોઇએ? દાન કરતી વખતે કેવી ભાવના હોવી જોઈએ? આ બધા પ્રશ્નોના મૂળમાં સમાયેલી છે "દયા". માટે જ કહ્યું છે કે दया दानेन वर्धते। જો તમારા દિલમાં દયા હશે તો જ દાન થઈ શકશે.

દાન કરતી વખતે સાપેક્ષ દૃષ્ટિ થઈ જવી જોઇએ. બીજાઓને તમારી જાતમાં જુવો અને તમારી જાતને બીજાઓમાં જુવો, શુદ્ધ ભાવનાથી કરેલું દાન પણ તમારા દિલમાં પ્રકાશના ઓજસ્ પાથરે છે. શેકસપીયરના શબ્દોમાં Charity begins at home.

શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે દરેક માનવીએ પોતાની કમાણીમાંથી દસમો ભાગ શુભ ખાતે કાઢવો. પણ તેવું આજે બધા કરે છે ખરા?

અર્પણ કરવું નથી અને ફળ જોઈએ છે, પણ એ કેમ બને? પરંતુ જો પેલો I. T. O. વાળો આવશે તો ગુપ્તદાન પણ અર્પણ કરી દેવું પડશે.

માટે હે પામર માનવી! લૂંટાવી દે, બધુ લૂંટાવી દે! આવી તક ફરી કયારે ય નહિ મળે પછી તો ચોરાશી લાખના ચક્કરમાં પીસાવાનું જ છે. લૂંટાવી દેવાની તક આ મનુષ્ય દેહમાં જ છે. માટે તારૂં જીવન સાર્થક કર. આ નશ્વર દેહ બળીને રાખ જ થવાનો છે. અને પછી પાંચ દિવસમાં જ બધા તને ભૂલી જવાના છે. જાણે જનમ્યો જ નહોતો કે તારી પહેલાય હસ્તી કયારે ય હતી જ નહી.

પણ જો તેં ગરીબોનો ઉદ્ધાર કર્યો હશે, બળતાઓની આંતરડી ઠારી હશે, રડતાઓને હસતા કર્યા હશે તો જ લોકો યાદ કરશે માટે જ કહ્યું છે ને....

"લાખો અહીં આવી ગયા,
લાખો બીજા ચાલ્યા જશે,
માટી તણી આ જીંદગી,
માટી માંહી મળી જશે;
અનુકંપાદાન જે કરી જાણે,
તેનું નામ અમર રહી જશે,
માનવ સેવા, પશુધન બચાવવા,
પ્રયત્ન કરે તે વીર કહેવાશે"

માટે હે નાદાન માનવી! તું આ માયાવી દુનિયાની માયાજાળમાં સપડાયેલો છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિકરો મારો, આ મારી પત્ની, આ મારા મિત્રો, આ મારા સગવહાલા....પણ આ સ્વાર્થમય સૃષ્ટિમાં એ બધું તારી લક્ષ્મી છે ત્યાં સુધી જ છે. દિકરો બાપુજી બાપુજી કરશે, પત્ની મીઠી લાગણી આપશે, સગાવહાલા, સંબંધી, મિત્રો તેઓનો પ્રેમ વ્યક્ત કરશે. પણ જેવી તેં લક્ષ્મી ગુમાવી પછી........હા, પછી કોઈ કોઈનું નથી.

બાપુજી કયાં છે તેની પુત્રને ખબર પણ નહીં હોય, પત્ની તેના સ્વામીને ભૂલી જશે, અને સગાવહાલા, મિત્રો સામે મળ્યેથી ઓળખશે પણ નહીં. વળી....

લક્ષ્મી તો છે ચંચળ,
ઘડીમાં આવે ને વહી જાય રે,
પરમારથમાં ખરચ્યા નાણા,
એ જ અવિચલ થાય રે.

માટે હે માનવી! હે જૈન! આ તક છે. અને પર્યુષણ મહાપર્વ એ તકમાં પણ સોનેરી તક છે. આ પર્યુષણ પર્વ દરમ્યાન એક રૂપીઆનું કરેલું દાન સો રૂપીઆનું ફળ આપે તેવું છે. આવો નફો મળે તેવો અવસર ભાગ્યે જ સાંપડે છે

તમારા જીંદગીના વેપારમાં સૌથી વધુ કમાવાનો આ એક જ અવસર છે. અને જો આવી અમુલ્ય જેની કિંમત ન થાય તેવી તકનો લાભ ન લીધો તો પછી એ જ ચોરાશી લાખનું ચક્કર છે.

પર્યુષણ મહા પર્વના આઠ દિવસ પૂરા થયા પછી નવમા દિવસે ઇન્કમ ટેકસવાળા બધાને ત્યાં દરોડો પાડવાના છે અને જેટલું તીજોરીમાં ભેગુ કર્યું છે તે બધું લઇ જવાના છે એવી ખાનગી બાતમી તમારા કાને આવી જાય તો?

હા, તો બસ એમ જ સમજી લ્યો કે એવી ખાનગી બાતમી તમારા કાને આવી ગઈ છે અને આ મહાપર્વ પૂરૂં થયા બાદ નવમા દિવસે દરોડો પડવાનો છે અને તે લોકો બધું લઇ જાય તેના કરતાં અગાઉના આઠ દિવસ દરમ્યાન બધું લૂંટાવી દો, પછી નવમા દિવસે જેને દરોડા પાડવા હોય તે ભલેને પાડે.

પાંચ લાખ રૂપિયાનો માલિક પાંચ હજારનું દાન કરે અને બસો રૂપિયાનો પગારદાર પાંચ રૂપિયાનું દાન કરે તો તેનું ફળ બન્ને માટે સરખું જ છે.

માટે હે જૈનો! પર્યુષણ પર્વ દરમ્યાન તમારી શક્તિ મુજબ દાન કરો. શ્રદ્ધાપૂર્વક અને ભાવનાથી કરેલ દાનનું ફળ કેવું હોય છે તેનો ચમત્કાર તુરત જ તમોને જોવા મળશે.

જૈનં જયતિ શાસનમ્

પાઠશાળાઓ, ધાર્મિક શિક્ષકો અને યુવાન પ્રજાનું
અત્યંત લોકપ્રિય માસિક

જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા

સુંદર બોધદાયક કથાઓ તેમજ પાઠશાળા અંગે પ્રેરક અને
માર્ગદર્શક લેખો દરેક અંકમાં આપવામાં આવે છે.

છેલ્લા ૧૯ વર્ષથી જૈન સમાજની અનુપમ સેવા કરતું માસિક

વાર્ષિક લવાજમ રૂા. ૫-૦૦

વિગત માટે લખો :—

જૈન ધાર્મિક શિક્ષણ સંઘ

ઠે. શાંતિનાથજી જૈન દહેરાસર, **પાયધુની**, મુંબઈ નં. ૪૦૦૦૦૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'તપ'

લેખક :
પં. બેચરદાસ જીવરાજ દોશી

['તપ' જીવનનું એક અદ્દભુત રસાયણ છે, જે વડે માણસ વાસના અને કષાયોમાંથી મુક્ત બની શકે છે. તપ અંગે એક જ વાકયમાં સમજુતિ આપવી હોય તો કહી શકાય કે, 'વાસના અને કષાયોને ક્ષીણ કરવા માટે, જરૂરી આત્મબળ કેળવવા અર્થે, શરીર-ઇંદ્રિય-મનને જે જે તાવણીમાં તપાવાય છે, તે બધું તપ છે.' આપણે ત્યાં બાહ્યતપનું પ્રમાણ જરૂર વધ્યું છે, પણ તેના વડે શું સાધવાનું છે અને કઈ રીતે કરવાનું છે તે અંગે ઘોર અજ્ઞાન પ્રવર્તે છે. પ્રસ્તુત લેખમાં પૂ. પંડિત શ્રી બેચરદાસભાઈ, જેમણે પોતાનું સમગ્ર જીવન જૈન ધર્મ-શાસ્ત્રોના અધ્યયન પાછળ ગાળ્યું છે, તેમણે તપની સાધના વિષે વિસ્તૃત રીતે સાદી સરળ ભાષામાં સમજાવેલ છે, જે તપસ્વી ભાઈ બહેનોને માટે અત્યંત કલ્યાણકરી પૂરવાર થશે.

—સંપાદક]

તપ બાબત એક ટૂંકો સંવાદ વાચકો સમક્ષ રજુ કરવાનું ઘણા વખતથી વિચારતો હતો, પણ આજે જ તેને ક્રિયામાં મૂકી શકું છું.

સુમતિભાઈ—તપ વિષે લખવા ધારો છો છે જાણ્યું પણ જૈન સંઘ માટે 'તપ' કોઈ અજાણી ક્રિયા નથી એટલે એના વિષે તમારૂં લખાણ પિષ્ટપેષણ જેવું નહિ થાય?

વિબુધભાઈ—તમારી વાત તો બરાબર છે. જૈન સંઘમાં બારથી પંદર વરસની દીકરીઓ પણ તપ કરે છે અને તેટલી જ વયના છોકરાઓ પણ તપ કરે છે એટલે તપની હકીકત 'આત્માનંદ પ્રકાશ' માટે જરા પણ નવાઈ રૂપ નહીં ગણાય. તેથી કોઈ નવો વિષય પસંદ કેમ ન કરો?

સુમતિભાઈ—આ મહિનો જૈનો માટે તપનો મહિનો છે. એક તો ચોમાસું છે. બીજુ પર્વાધિરાજ પજુસણ પર્વ હવે બહુ છેટા નથી. એ અંગે કેટલાક આરાધકો તો આ મહિનાથી જ એટલે શ્રાવણ મહિનાથી જ તપ કરવા લાગ્યા હશે, માટે તપ વિષે કેટલાક ઉપયોગી વિચારો કદાચ પિષ્ટપેષણરૂપ લાગે તો પણ એમાં કેટલુંક વિશેષ જાણવાને જરૂર મળશે.

વિબુધભાઈ—તપ વિષે વળી વિશેષ શું જાણવાનું હતું? તપ કરવું, અત્તરવારણા કરવા અને પારણા કરવા એથી વિશેષ શું જાણવાનું મળશે?

સુમતિભાઈ—પણ તપનું વાસ્તવિક સ્વરૂપ શું છે? શા માટે તપ કરવું જોઇએ? તપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવામાં દેહ કષ્ટ પડે છે એટલે એ પ્રશ્ન જરૂર થાય એમ છે કે કોઈપણ કારણ સિવાય દેહ કષ્ટ શા માટે ભોગવવું ?

વિબુધભાઇ—જુઓ, તમે કહો છો તેમજ નથી. તપ વિષે પણ ઘણી બાબતો જાણવા જેવી છે અને ખૂબ સમજીને-વિચારીને ચાલુ રૂઢિને બદલવાની જરૂર છે.

સુમતિભાઇ—હવે તમે તમારી તપ વિશે વિચારણા કરો. આમ લખ્યા કરશો તો મોટું પિંજણ થશે, માટે યોગ્ય હકીકત જ બતાવવાની શરૂ કરો.

વિબુધભાઇ—તપનો વિચાર ભારતીય ધર્મો સાથે ઓતપ્રોત છે, એટલું જ નહીં પણ જૈનો ઉપરાંત બ્રાહ્મણ પરંપરાઓમાં, ઈસ્લામી પરંપરામાં પણ તપનો મહિમા છે અને ખ્રિસ્તી પરંપરામાં પણ તપની પરંપરા પ્રતિષ્ઠિત છે.

સુમતિભાઇ—એકવાર હું કોઇ પ્રવચન કરવા એક ગામ ગયેલો. ત્યાં એક શ્રીમાનને ત્યાં અમારો ઉતારો હતો. મને યાદ છે તે પ્રમાણે ભગવાન વીર વર્ધમાનસ્વામીનો જન્મતિથિનો પ્રસંગ હતો. તે દિવસે હું જ્યાં ઉતર્યો હતો ત્યાં ૧૧ થી ૧૨ વાગ્યાને સમયે અનેક બહેનો જમવા આવી એમ મેં જોયું. મેં કુતૂહળથી પૂછયું કે આ બહેનો અહીં શા માટે જમવા આવી ?

વિબુધભાઇ—ઘરધણીના કોઇ ઓળખીતાએ ખુલાસો કર્યો કે આ શેઠ સાહેબ રૂના મોટા વેપારી છે અને આ વર્ષે સારૂં એવું કમાયા છે. એમનો વિચાર એવો થયો કે થોડા રૂપિયા ધરમના કામમાં વાપરવા એમણે અહીં એક મુનિરાજ છે તેમની સલાહ લીધી. મુનિરાજ દેશકાળના જાણકાર હતા, અને ભારે વિચક્ષણ પુરુષ હતા, એટલે એમણે તો સલાહ આપી કે આ ગામના બાળકો માટે અહીં કોઇ સારી એવી જ્ઞાનશાળા નથી જેમાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ જૈન ધર્મનું જ્ઞાન મેળવી શકે અને સાથે ચાલુ નિશાળનું પણ ભણતર મેળવી શકે. શેઠજીએ કહ્યું કે આપની વાત તો બરાબર છે પણ મને આ બાબત વિશેષ સમજ પડતી નથી અને જોઇએ એવો રસ પણ નથી. મને તો એમ થાય છે કે અહીં હું આખો શ્રાવણ અને કદાચ ભાદરવો મહિનો રહું તે દરમિયાન મારે બે પાંચ હજાર રૂપિયા ખર્ચવા છે. અને મારી આંખ સામે જ તે પ્રવૃત્તિ થાય એમ મારી ઈચ્છા છે. વળી જ્ઞાનશાળા માટે શિક્ષકની શોધ કરવી તથા કાયમી જ્ઞાનશાળા ચાલે તે માટે ધન પણ વધારે ખર્ચવું જરૂરી છે એટલે થોડા જ ખર્ચમાં કોઇ ધર્મનું કામ થતું હોય તો આપ બતાવો. આમ કહીને શેઠજી તો મુનિરાજ પાસેથી ઉઠીને સાધ્વીજીના ઉપાશ્રયે સાધ્વીજીઓના દર્શને જવા ઉપડ્યા. અને ત્યાં પણ સાધ્વીજીઓ સમક્ષ એમણે આ વાત છેડી. એટલે મુખ્ય સાધ્વીજી જેઓ વિશેષ રૂઢિચુસ્ત હતા અને વિદ્યાનો રસ તથા ખૂબી વિષે એમને જાજો અનુભવ ન હતો તથા એમને એમ પણ લાગેલું કે આ ગામમાં આવીને એવું કામ કરાવવું જોઈએ જેથી ગામના લોકો એમને સતત યાદ કરતા રહે. એટલે સાધ્વીજીએ વિચારીને કહ્યું કે તમે અહીંના લોકોને એકાસણા કરવાની સગવડ કરી આપો તો તપનો તપ થશે, લોકો પણ ખુશી થશે અને તમારો પૈસો પણ લેખે લાગશે. શેઠજીને આ વાત ગળે ઉતરી ગઈ અને આ નાના ગામમાં એમણે પોતાના માણસ દ્વારા બધે ખબર પહોંચાડી દીધા કે શેઠજી શ્રાવણ અને ભાદરવો એમ બે મહિના સુધી જે ભાઈ બહેનોને એકાસણા કરવા હશે તેમની પૂરતી સગવડ કરી આપશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુમતિભાઈ—પછી તો ભાઈ, એ ગામના દેરાસરના મુનિમને બોલાવીને શેઠજીએ આ તપના કામની બધી ભલામણ કરી અને વ્યવસ્થા કરવાનું સૂચવી દીધું. અને સાથે કહી દીધું કે રોજ રોજ ભોજનમાં નવીનતા જરૂર હોવી જોઇએ. અને વસ્તુ માત્ર ચોકખી અને જમનારના ચિત્તને આ તપ તરફ આકર્ષે એવી હોવી જોઇએ. ખર્ચની ચિંતા તમારે ન કરવી. જે જે બીલ આવે તેનાં નાણાં મારી પાસેથી લઈ જવાં. શેઠજી વિધુર હતા, સંતાનમાં કાંઈ ન હતું અને રૂના વેપારમાં લાખ દોઢ લાખ કમાયા હતા, એટલે એમને એ રકમમાંથી ભલે પાંચ સાત હજાર ઓછા થાય પણ એકાસણાં કરાવીને શેઠે રંગ રાખેલ છે એમ જરૂર થવું જોઇએ. અને બાળકોની કેળવણી માટે તેમને વધારે ગમ ન પડી, તો પણ ગામના કેટલાક વિચારક લોકોના આગ્રહથી બસો અઢીસો રૂપિયા આપવાની જાહેરાત કરી અને ગામઠી નિશાળના મહેતાજીને ઘેર બોલાવીને એ રકમ ખર્ચવાની વાત કરી તથા મહેતાજીને પણ જ્યાં સુધી એકાસણાં ચાલે ત્યાં સુધી સપરિવાર જમવાનું નિમંત્રણ પણ આપી દીધું.

વિબુધભાઈ—ભાઈ, તમે તો લાંબું પિંજણ માંડ્યું, આમાં તપનું શું આવ્યું ?

સુમતિભાઈ—કેમ ભાઈ, તમે એકાસણાને તપ નથી માનતા ? આ લખાણમાં એકાસણાની વાત તો આવે છે જ.

વિબુધભાઈ—હા, વાત ખરી. પણ એમાં તપ વિશે નવું શું જાણવાનું મળે એવું છે ?

સુમતિભાઈ—મારો ઉતારો એ ધનાઢ્યને ત્યાં હતો, એટલે જમવાનો વખત થતાં હું તો ઊભો થઇ એક મોટા આકર્ષક ઓરડામાં જમવા ગયો. પાસેના જ મોટા ચોકમાં ઘણી બધી બહેનો અને કેટલાક નિશાળિયા જમતા હતા, અને પીરસનારા 'બાસુદી-બાસુદી' એમ રાડો નાખતા હતા.

વિબુધભાઈ—મેં એક ભાઇને પૂછ્યું કે આ બધી શાની ધમાલ છે ?

સુમતિભાઇ:—તે ભાઇએ જણાવ્યું કે આ શેઠ સાહેબ અહીં આ બહેનોને એકાસણા કરાવે છે અને રોજરોજ નવા નવા પકવાન્નો તૈયાર કરાવીને એકાસણાં કરનારા તમામ લોકોને જમાડે છે. આ માટે વધારે તો સધવા, વિધવા તથા કેટલીક કુમારિકાઓ આવે છે તથા કેટલાક છોકરાઓ પણ આવે છે. પુરૂષો તો માત્ર પાંચેક આવે છે અને બહેનો પચાસ સાઠ આવે છે તથા છોકારાઓ દસ-પદર આવે છે, અને છોકરીઓ પચાસ-સાઠ આવે છે. આમ આ શેઠજીની ઉદારતાથી આ ગામમાં આ તપશ્ચર્યા ચાલી રહેલ છે.

વિબુધભાઈ:—હું તો રાત્રે પ્રવચન આપીને મારે ગામ જવાનો જ હતો પણ શેઠજીએ મારૂં પ્રવચન સાંભળીને મને એકાદ અઠવાડિયું રહેવાનો વિશેષ આગ્રહ કર્યો. મને એવું કે શેઠજીનો વિશેષ આગ્રહ છે તો અઠવાડિયું તો નહિં પણ ત્રણ-ચાર દિવસ રહીને પ્રવચનો આપવાની યોજના કરવાનું મેં શેઠજીને કહ્યું, તો તેમણે કહ્યું કે ભાઇ, પ્રવચનોમાં મને ખબર ન પડે પણ તમે ભલે પ્રવચનો કરો પણ જમજો તો અમારે ત્યાં જ. તમે જુઓ છો કે અમારે ત્યાં સેંકડો રોજ એકાસણા કરીને તપ કરવાની તેમની ભાવના, તેમનો મનોરથ પૂરો કરે છે. મે તો રહેવાની કબુલાત આપી પણ સાથે જ કહ્યું કે શેઠજી, મારે દેશી ખાંડ ખાવાનો જ નિયમ છે એટલે એક બે દિવસ તો તમારે ત્યાંજ ખાસ મારે માટે રોટલી, દાળ, ભાત અને શાક કરાવીને જમ્યો પણ હવે તમારો રસોયો મારાથી કંટાળ્યો જણાય છે. એણે મને કહેલ કે ભલા માણસ, આ બધા સાથે જમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વામાં તમને શો વાંધો છે? મૂકોને પંચાત દેશી પરદેશીની! પાતરામાં આવ્યું તે શુદ્ધ જ ગણાય. માટે મારા જમવાની વ્યવસ્થા તો અહીં મારા એક મિત્ર છે તેને ત્યાં કરવી પડશે.

સુમતિભાઇ—અરે ભલા માણસ! એમ સંબોધન કરીને મને ઉદ્દેશીને શેઠજીએ કહ્યું કે આપણે તપની સાધના કરવી છે, તેમાં દેશી–પરદેશીની પંચાત તમે ક્યાં માંડી? આ બધી બહેનોને તમે જુઓ છો ને તે કેવી આરાધના કરી રહેલ છે. અહીંની સાધ્વીજીઓ પણ મારા ઉપર મહેરબાની કરીને મને રોજ ભાતપાણીનો લાભ આપી રહી છે. ફક્ત અહીં રહેતા મુનિ મહારાજ પણ તમારી જેવા વેદિયા લાગે છે, એટલે મારે ત્યાં એક પણ દિવસ આવેલ નથી. ન આવે તો મારે શું? એ આ ભોજનના લહાવાથી વંચિત રહેશે. મને લાગે છે કે એ પણ તમારા જેવા જ વેદિયા લાગે છે. આ વાત ચાલતી હતી એટલે મારે મર્યાદા રાખીને મૌન સેવવુ પડ્યું પણ શેઠજીને મેં કહ્યું કે આપ થોડો અવકાશ મેળવો અને તપ વિશે મારી થોડી વાત જરૂર સાંભળો તો હું અહીં વધારે તો નહિ પણ બે–એક પ્રવચનો કરવાનું રાખીશ અને આપના મકાનમાં બે ત્રણ દિવસ રહીશ અને જો આપનો રસોયો મારા માટે સાદા ભોજનની ઠીક સગવડ કરી આપશે તો આપને ત્યાં જમવા આવીશ.

વિબુધભાઈ—ભલે ભાઇ! તમને અનુકૂળ પડે તો તેમ કરો. મારા રસોયાને તમારે માટે તજવીજ કરવાનું બરાબર કહી દઈશ અને તમે મને બપોરે ત્રણથી ચાર વાગે મળો તથા રાત્રે આઠથી નવ વાગે મળો, કેમકે મારે પણ મારૂં અંગત કામ છે. એટલે તમને વધારે વખત આપી નહીં શકું. વિધુર છું, એટલે મારે ઘર માંડવાની ફરી વ્યવસ્થા કરવા વિચાર છે અને એ વાતને લક્ષમાં રાખીને જ આ ઉત્સવની યોજના મેં કરેલ છે. અહીં આપણી વચ્ચે કોઇ નથી જ તેથી આ વાત તમને એકલાને જ મારે સ્પષ્ટ કહેવી જોઇએ, એટલે તમે કોઈ બીજા ભ્રમમાં ન રહો અને મારા અંગત કામમાં થોડો તમારો નૈતિક ટેકો આપો તો મારૂં કામ પણ થઇ જાય.

સુમતિભાઈ—શેઠજી બોલ્યા 'જુઓ ભાઇ, આ બહેનો જમવા આવે છે તેમાં મેં કેટલીક બાળ વિધવાઓને જોઇ પણ તેમાંની કોઇ મારી વાત સાંભળીને મને અનુસરવા તૈયાર નથી. તેમને હું મારી સાથે લાવેલ હીરા–મોતીના અને સોનાનાં ઘરેણાં બતાવવાની તક લઉં છું પણ મારી ઉપર જોતા એ બાળ વિધવાઓ કે જમવા આવનારી કુમારીકાઓ મને અનુકૂળ થવા તૈયાર નથી. પણ આ વખતે થોડું વાતાવરણ મારે અનુકૂળ થશે તો આવતે વરસે વળી કોઈ મુનિનું ચોમાસુ કરાવીને બીજા પાંચ–દસ હજાર વાપરીશ. એટલે ઠેકાણું કદાચ મેળ પડે તો પણ તમને મારી આગ્રહભરી વિનંતી છે કે મારૂં ઘર બંધાય તેમ તમે તમારો નૈતિક ટેકો મને જરૂર આપો.

વિબુધભાઇ:—મેં શેઠજીને કહ્યું કે તમારી ઉમર જોતાં મારાથી એવો ટેકો ન જ આપી શકાય પણ તપમાં સહાયતા કરવાની તમારી આ રીત જોઇને હું તો આજે મારા પ્રવચનમાં આ તમારી વિવિધ પ્રકારના મસાલેદાર અને ચટકદાર ભોજનની યોજનાની સખત ટીકા કરવાનો છું અને આ જાતની એકાસણાની વ્યવસ્થાને કદી તપ ન જ કહેવાય. આ તો ધનવાન શેઠ કોઇ પોતાની અંગત સગવડને સારૂ વિવિધ મિષ્ટાન્નવાળા એકાસણાં કરાવી રહ્યાં છે. આ પ્રવૃત્તિમાં તપ જેવું શું છે એની મને ખબર પડતી નથી પણ એટલું તો કહેવું જોઈએ કે આ નાનકડા અને ધંધાપાણી વગરના ગામમાં આ શેઠજીએ એકાસણાં કરાવવાની આ યોજના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાહેર કરીને લોકોને ભરપેટ ભોજનની તે પણ ઘણા જ સ્વાદુ ભોજનની વ્યવસ્થા કરી આપેલ છે. અને તે માટે શેઠજી થોડું નાણુ ઓછું કરે છે તે પણ ગામના લોકોની પરિસ્થિતિને જોતાં થોડું ઘણું ઠીક કહેવાય પણ આ એકાસણાંને 'તપ' તો હું નહીં જ કહું કારણ એમ છે કે આ શેઠજીને પોતાની જન્મભૂમિના લોકોને કેળવવાની તો મુદ્દલ દષ્ટિ નથી તેમ દેશી પરદેશીનો જરાપણ છોછ નથી. આપણી ગરીબાઇ દૂર કરવા અને આપણું અજ્ઞાન દૂર કરવા શેઠજી ધારે તો ઘણું કરી શકે તેમ છે. આ ગામમાં ગ્રામોદ્યોગ ખિલવવા અને તેમાં આ ગામના ભાઇ બહેનોનો સાથ મેળવવા પ્રયત્ન થાય તો બેએક વરસમાં આ ગામ ગ્રામોદ્યોગનું એક મથક બની જાય, અને લોકો પરિશ્રમી બની વિશેષ તેજસ્વી બને પણ આવું સુજવું ભારે કઠણુ છે. આપણા શેઠજીને દેશી પરદેશીનો તો છોછ જ નથી. કેમ જાણે સમભાવી ન બની ગયા હોય !! એક તરફ દેશી પરદેશીનો છોછ નથી ત્યારે બીજી તરફ તેમની વૃત્તિ તેમણે જે બતાવી એ તો આ તપની પ્રવૃત્તિથી તદ્દન વિરૂદ્ધ જાય છે.

સુમતિભાઈઃ—અરે ભલા ભાઈ ! તમે બહુ લાંબુ પિંજણુ કર્યું પણુ આખા તપના સ્વરૂપની અને તપ શા માટે કરવું ? એવી વાત તો કયાંય ન આવી. તમે આ તો જે ઘરેડ ચાલે છે તેનું જ સ્વરૂપ ગાઈ બતાવ્યું.

વિબુધભાઇ—તપ એટલે ઇચ્છાપૂર્વક દેહને કષ્ટ આપીને પણુ પોતાના અને પરના કલ્યાણુની પ્રવૃત્તિ કરવી. એમાં માત્ર ખાવા પીવાની જ વાત નથી આવતી, પણુ બીજી અનેક પ્રવૃત્તિઓ પણુ સમાયેલ છે. જુઓ આજકાલ રેશનીંગની સહકારી યોજનાઓ વિવિધ રીતે ચાલે છે તે યોજનાને સ્વેચ્છાપૂર્વક પૂરેપૂરો ટેકો આપવો અને સાધરણુ જનતાને જેટલી રાહત થાય તેટલી રાહત આપવી એટલે જેટલું મળે તેટલાથી સંતોષ માનવો. એ પણ તપ છે. દાખલા તરીકે અનાજનું રેશનીંગ ચાલે છે, તો આપણે જરૂરથી વધારે અનાજ સંઘરવું અને ખાવા પૂરતી જ યોજના કરવી એમ કરતાં જોઇએ તેટલું અનાજ ન મળે તો શાંતિ રાખી ભગવાનના નામનું સ્મરણ કરતાં રહેવું આ પણ એક તપની પ્રવૃત્તિ છે જેટલા પ્રમાણુમાં જાર મળે તો જાર. બાજરો મળે તો બાજરો અને ઘઉં મળે તો ઘઉં કે ચોખા મળે તો તેથી ચલાવવું પણ કાલે કેમ થશે એવા ભયથી અનાજ ઘરમાં સંઘરી ન રાખવું. તેમ કાળા બજાર ન કરવા, એ પણ તપ છે એ જ પ્રકારે દવાઓ અને દેશી ઔષધો વિશે પણ સંઘરાની વૃત્તિ ન રાખવી તથા કાપડ વગેરે વિશે પણ સંઘરાનો વિચાર ન રાખવો આ બધું તપ જ સમજવું. એ કાંઈ તપથી ઓછી સાધના નથી. સંઘરો ન રાખવાથી જરૂર આપણા શરીરને, મનને તથા ઇન્દ્રિયોને દુઃખ તો થશે પણ ઇચ્છાપૂર્વક સ્વપરના હિત માટે તે દુઃખ સહન કરવું એ પણ તપ કહેવાય તો પછી માત્ર ભોજનના ત્યાગ સાથે જ તપ શબ્દને જોડવો અને આ જાતના સ્વૈચ્છિક કષ્ટ સહનને તપ ન કહેવું એ કાંઇ વાજબી નથી. વળી યંત્રોમાં બનેલા કાપડ, રેશમી કાપડ, ક્રુમના ચામડામાંથી બનેલા પગમાં પહેરવાના જોડા બૂટ, ચંપલ વગેરે વાપરતા એવો વિચાર જરૂર કરવો જોઇએ કે આ બધા પદાર્થોની પેદાશમાં કેટલી બધી ઘોર હિંસા રહેલ છે એટલે જો તપ જ કરવું હોય તો એવી ભયંકર હિંસા દ્વારા બનેલી વસ્તુઓનો ત્યાગ કરીને જેની પેદાશમાં મુકાબલે ઓછી હિંસા થતી હોય એવાં કાપડ, જોડા વગેરે વાપરવા અને એવી વપરાશથી શરીરને કષ્ટ થાય તેને પણ પ્રસન્નતાપૂર્વક સહન કરવું એ શું તપ ન ગણાય ?

તપનો સામાન્ય અર્થ સ્વેચ્છાપૂર્વક દુઃખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહન કરવું એ છે અને તપનું સ્વરૂપ પણ દુઃખ સાથે જ જોડાયેલ છે. આપણો પાડોશી હોય અને તે બિમાર હોય તેને માટે છેટે જઈને દવાદારૂ લાવી આપવા એ શું તપ નથી? ગામનાં કે શહેરનાં બાળકોને માટે લાગણીથી ખેંચાઈને તેમને શરીરની સ્વચ્છતાનું ભાન કરાવવું અને એ માટે આપણે ઘસાવું પડે તો જરૂર ઘસાવું એ શું તપ નથી? અભણ અને તદ્દન અજ્ઞાન લોકોને ભણવા–ભણાવવાની વ્યવસ્થા કરી આપવી એ પણ શું તપ નથી? હિંસક મશીનો દ્વારા તૈયાર થયેલ કાપડ, દવા તથા એવી બીજી હિંસા દ્વારા ઉત્પન્ન થયેલ મોજશોખવી વસ્તુઓ વાપરીને ઘોર હિંસાને ઉત્તેજન ન આપવું, અને ઓછી હિંસક પણ વિશેષ મનોરમ નહિ એવી વસ્તુઓ વાપરવી એ શું તપ નથી? ખરી રીતે તો મોજશોખ ઓછો કરવો, ફેશન ઓછી કરી સાદાઈને અપનાવવી એ જ ખરૂં તપ છે જુના વખતમાં એટલે જ્યારે અહીં અંગ્રેજો નહીં આવેલા તે વખતે મોજશોખની આજે વપરાય છે તેવી વસ્તુઓ ઘણી જ ઓછી હતી. પણ અંગ્રેજો આવ્યા પછી વસ્તુઓની પેદાશમાં તેમને હિંસા–અહિંસાનો વિચાર જ ન રહ્યો અને બજારમાં એવી વસ્તુઓ ભરી દીધી જેની પેદાશમાં હિંસા જ વધારે હોય, તેમ છતાં આપણે અહિંસાને માનનારા કાપડ વિધવિધ મોજશોખની વસ્તુઓ આપણા મુખ્ય સિદ્ધાંતરૂપ અહિંસાનો વિચાર કર્યા વિના જ ફાવે તેમ વાપરવા લાગ્યા. અને મોજશોખના ત્યાગરૂપ તપ વિશે બેદરકાર જ રહ્યા. તપના જે બાર ભેદો બતાવેલા છે તેમાં શરીરકલેશને પણ એક પ્રકારનો તપ જ કહ્યો છે. આંખને ન ગમે એવી હોય છતાંય જેની પેદાશમાં હિંસા ઓછી હોય તેવી વસ્તુથી રાજીખુશીથી ચલાવવું અને પ્રસન્ન રહેવું એ ચક્ષુ ઇન્દ્રિય સંબંધી તપ ન કહેવાય? આપણી ચામડીને અનુકૂળ ન આવે એવા કપડાં પહેરીને અહિંસાની આરાધના કરવી એ પણ સ્પર્શેન્દ્રિય સંબંધી તપ જ છે એમ આપણે હજુ સુધી પણ સમજ્યા નથી. આપણો ઉપવાસ કે આયંબિલ વા એકાસણા કરીને માત્ર ભૂખ્યા રહેવામાં જ તપની કલ્પના કરી લીધી છે પણ ઇન્દ્રિયસંયમ, મનનો સંયમ એ ખાસ વિશેષ તપરૂપ છે એનો ખ્યાલ આપણા ઉપદેશકોને પણ ઘણો ઓછો છે. જો ખ્યાલ હોત તો તેઓ યંત્રો દ્વારા બનેલ કાપડ વગેરે પદાર્થો કદી પણ ન વાપરત અને અહિંસા ઓછી થાય એ રીતે જરૂરી સાધનો કેમ ઉભા કરવા એ દિશામાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને સમાજમાં અહિંસાના આચરણનો દાખલો જરૂર બેસાડત. વર્તમાનમાં વળી આપણે ઉપવાસ વગેરે ભૂખ્યા રહેવાનું તપ કરીએ છીએ પણ એ સાથે જ આપણી અનુકૂળતા માટે અતરવારણા અને પારણાની શોધ કરીને આપણે દૂષિત કરી દીધેલ છે. ચાલુ તપ દ્વારા ચિત્તશુદ્ધિ થવી ભારે કઠણ છે. આપણે ત્યાં ઉપવાસને માટે ચઉત્થભત્તં, અબ્ભત્તટ્ઠં શબ્દ વપરાય છે શાસ્ત્રકારોએ આ શબ્દ વાપરીને આપણને જેવી સમજણ આપેલ છે કે જેને ચતુર્થભક્ત કરવું હોય તે તેણે ચારે ટંક ભોજનનો ત્યાગ કરવો એટલે ચતુર્થભક્તની શરૂઆત પહેલાંના દિવસે માત્ર એક ટંક જ ખાવું અને ચતુર્થભક્તની પછીના દિવસે માત્ર એક જ ટંક ભોજન લેવું.

આમ ચાર ટંક ભોજનના ત્યાગને 'ચતુર્થભક્ત' કહેવામાં આવે છે. આમ તો પચ્ચક્ખાણ લઇએ છીએ ત્યારે ચતુર્થભક્તનું પચ્ચક્ખાણ કરીએ છીએ પણ એનું પચ્ચક્ખાણ લેનારાઓમાં એવો કોઈ વિરલ જ હશે કે પચ્ચક્ખાણમાં દર્શાવેલ પ્રતિજ્ઞાને સમજતો કે પાળતો હોય. એટલે ખરી રીતે આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પચ્ચક્ખાણનો ભંગ કરવા છતાં કશું સમજતા નથી, વિચારતા નથી એટલું જ નહિ પણ અત્તરવારણા અને પારણા કરાવનારને પુણ્યનો ભાગી માનીએ છીએ અને અત્તરવારણા અને અને પારણા કરાવવામાં ભારે પુણ્ય થાય છે એમ આપણા ઉપદેશકો સુદ્ધાં ગાઈ-બજાવીને કહેતા અચકાતા નથી. આયંબિલ કરવામાં વિગઈ ન ખાવી અને રૂક્ષ ભોજન લેવું એવું એવું ઠરાવવા છતાં આપણે આંબેલના ખાતા ઊભા કરીને આંબેલમાં પણ વિવિધ વસ્તુઓનો ખાવાનો રિવાજ શરૂ કરી દીધેલ છે, જો તપ કરતાં આત્મશુદ્ધિ, ચિત્તશુદ્ધિ અને કષાયોની મંદતાના હેતુને આપણે પ્રધાન (મુખ્ય) ગણ્યો હોત તો આયંબિલમાં દસ-દસ કે પંદર-પંદર વિવિધ વસ્તુઓને ખાવાની યોજના કદી પણ થઇ ન હોત. છઠ્ઠ તપનો અર્થ છ ટંક ભોજનનો ત્યાગ, અઠ્ઠમ તપનો અર્થ આઠ ટંક ભોજનનો ત્યાગ આમ શાસ્ત્ર વ્યાખ્યા હોવા છતાં આપણને આ વાતની કશી ગતાગમ હોય એમ આજે ચાલતા તપ દ્વારા જાણી શકાતું નથી. માત્ર દેહકષ્ટથી ચિત્તશુદ્ધિ થતી નથી. એટલું જ નહિ શરીરની સ્વસ્થતા પણ રહેતી નથી.

બાહ્ય તપ અને આંતરતપ બન્ને સાથે જ થવાં જોઇએ. તો જ તેવા તપદ્વારા આપણને ચિત્ત-પ્રસન્નતાનો અનુભવ થઈ શકે અને આત્મા અનાહારી છે તેની પ્રતીતિ પણ થઈ શકે. આ તો તપ કરનાર પ્રતિષ્ઠાની વાંછા કરે અથવા કોઈ તેના તપની મહત્તા ન સમજે અને તપસ્વીની સેવા ન થાય તો કલેશ અનુભવે આને વાસ્તવિક તપ કેમ કરીને કહેવાય? જમતાં જમતાં પેટને ઊણું રાખવું એ પણ તપ છે, આપણી ઇચ્છાઓને-તૃષ્ણાઓને વિશેષ વધવા ન દેવી પણ મર્યાદામાં રાખવી એ પણ તપ છે. બહેનો પજુસણમાં ઉપવાસ વગેરે તપ તો કરશે પણ શરીર શૃંગાર કર્યા વિના મંદિરમાં કે સ્થાનકમાં જવાનું પસંદ નહીં જ કરે, તપને દિવસે તો તદ્દન સાદાઈથી ધર્મસ્થાનોમાં જવું એ શું ખરેખર તપ નથી? ખૂબ ઘરેણાં પહેરવાં તથા શરીરને વિશેષ આકર્ષક બનાવવું યા હોઠો ઉપર કે નખ વગેરે ઉપર રંગો લગાડવા એ તપથી વિરૂદ્ધ ક્રિયા ન કહેવાય? એ માટે બાહ્ય તપમાં વૃત્તિ સંક્ષેપને-ઇચ્છાઓને મર્યાદામાં રાખવાને ખાસ તપમાં ગણાવેલ છે. રસ ત્યાગને પણ તપ કહેલ છે, છતાં આપણે તપના આગલે દિવસે રસદાર મિષ્ટ ભોજનોનો ઉપયોગ કરીએ છીએ એ શું તપની શુદ્ધિ કહેવાય? આંતર તપમાં ધ્યાનનો સમાવેશ છે, વિનયનો સમાવેશ છે સેવા કરવાની પ્રવૃત્તિનો સમાવેશ છે, સ્વાધ્યાય કરવાનો સમાવેશ છે તથા શરીર તરફ મોહવૃત્તિ રાખીને હિંસા અને એવાં બીજાં દૂષણો મોકો મળે એમ વર્તવા છતાં એ વિશે શું કોઈ પ્રકારનો વિવેક રાખવામાં આવે છે? આમ અનેક રીતે વિચારતાં આપણે લોકો તપ તો જરૂર કરીએ છીએ પણ એનું પરિણામ પામી શકતા નથી.

જેમ કોઈ નિશાળિયો હજુ એકડિયાના વર્ગમાં હોય તેમ આપણે લોકો તપ માટે એકડિયાના વર્ગમાં છીએ એટલે તપ દ્વારા જે કષ્ટ સહીએ છીએ તે રૂઢભાવે સહીએ છીએ અને કેટલીકવાર પરાણે સહીએ છીએ. ખરી રીતે તો ઇચ્છાપૂર્વક કષ્ટ સહન કરવું અને તે પણ પ્રસન્નભાવે-રાજીખુશીથી-એ પરિસ્થિતિ આપણા તપમાં ઘણી ઓછી દેખાય છે. તેમજ આપણને ઐચ્છિક રીતે કષ્ટ સહનની ટેવ પડતી નથી. ખરી રીતે તો તપ એ કષ્ટ સહનનો મહાવરો પાડવા માટે છે. કોઈ ગાળ દે, કોઈ અપમાન કરે વા કોઈ ઘસાતું બોલે તો આપણે ઉકળી જઇએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છીએ. જેને તપ દ્વારા કષ્ટ સહનની ખરી ટેવ પડી ગઇ હોય તે ગમે તે પ્રસંગે ઉકળી ઉઠતા પહેલાં જરૂર વિચાર કરે જ. તપનો મહિમા ઘણો છે પણ તે તપ સ્વૈચ્છિક રીતે આચરેલ હોય તો આપણે તેનો મહિમા અનુભવી શકીએ. પ્રતિષ્ઠા માટે તપ નથી, કીર્તિ માટે તપ નથી, તેમ બડાઈ માટે પણ નથી. તપ તો આંતર કષાયોને–ક્રોધ, માન, માયા, લોભ વગેરે ભયાનક કષાયોને અને ભોગવૃત્તિને, વિષયવૃત્તિને કાબૂમાં રાખવાનું ખાસ સાધન છે. આપણે તપ કર્યા પછી પારણામાં કેટલો રસ આવે છે એ ઉપરથી આપણા તપનું મહત્ત્વ માપી શકાય. પારણામાં પણ આપણે કેટલી વિશેષતા કરીએ છીએ તથા કેટલી જાહેરાત કરીએ છીએ એટલે આપણું તપ, આપણી ચિત્તશુદ્ધિ માટે કે આત્મશુદ્ધિ માટે કામિયાબ થતું નથી. તપને દિવસે મનમાંથી પણ ભોગવૃત્તિ કે ભોજનવૃત્તિ જવી જોઇએ, પણ આપણે તપ કરનારા એવું ભાગ્યે જ અનુભવે છે.

પારણાના દિવસે ખાવાપીવા માટે યા ભોગોનો અનુભવ લેવા માટે કેટલા ઉતાવળા હોઇએ છીએ, તે કોણ નથી જાણતું? જેણે કોઇ વ્યસનનો નિયમ કર્યો હોય અને નિયમ પૂરો થતા તેઓ કેવા ટેસથી ફરી પાછા વ્યસનમાં રસ લેતા દેખાય છે, ઘણા તો એમ પણ કહેતા સંભળાય છે કે સાધુ મહારાજે અમુક જાતનો નિયમ મારે માથે ઠોકી બેસાડ્યો છે, એટલે શું કરીએ? ન છૂટકે પાળવો પડે છે. વળી કોઈ નિયમ જાહેરમાં લીધો હોય તો તેને લોકલાજે પણ નભાવવો પડે છે. આ જાતનું નિયમનું પાલન કઇ રીતે તપ ગણાય કેવી રીતે? આ તો જાણે આ નિયમની મર્યાદા ક્યારે પૂરી થાય એની વાટ જોતા રહીએ છીએ. આ પરિસ્થિતિ તપરૂપ કેવી રીતે હોઈ શકે? તપ તો આપણે માટે સંયમની મર્યાદામાં રહેવાની તાલીમ રૂપ છે, એટલે નિયમનો સમય પૂરો થયા પછી પણ આપણે પાછા વ્યસનમાં ગરકાવ થઇ જઇએ છીએ એટલે તપનું પરિણામ જે આવવું જોઈએ તે આવતું નથી. વળી આપણે બાહ્ય તપને મહત્ત્વ આપીએ છીએ. આંતરતપ વિષે વિશેષ વિચારતા હોઇએ એમ જણાતું નથી. ક્રોધનો ઉપવાસ કરવો જરૂરી નથી? એ જ રીતે અહંકારનો ઉપવાસ કરવો તથા લોભનો ઉપવાસ કરવો અને કપટનો ઉપવાસ કરવો જરૂરી નથી? પણ આપણે માત્ર નહિ ખાવાનો ઉપવાસ કરતા રહીએ છીએ પણ ઉપવાસને દિવસે શૃંગાર ન કરી શકાય, ભડકીલો પોષાક ન પહેરી શકાય, ઘરેણાં ગાંઠા ન પહેરી શકાય એ વાત તરફ આપણું લક્ષ જ જતું નથી. પજુષણ પર્વ આવશે એટલે ભડકીલો પોષાક પહેરવામાં આપણે જરા પણ ઉપવાસનો ભંગ થતો જણાશે જ નહિ. આ બધું વિચારવા જેવું છે તેમ આપણને જ્યારે લાગવા માંડે ત્યારે તપની કાંઇક સફળતા કહી શકાય. સોના પર મેલ ચડી જતાં જેમ તેને તપાવીને શુદ્ધ કરવામાં આવે છે તેમ આપણા આત્મા ઉપર, આપણી ભાષા ઉપર, આપણી વર્તણુક ઉપર મેલ ચડી જતા આપણે આત્માને તપાવીને નિર્મળ કરવાનો પ્રયત્ન કરવાનો છે, અને એવી નિર્મળતા પ્રાપ્ત કર્યા પછી એ નિર્મળતાને ટકાવી રાખવાની જરૂર છે. આમ તપ વિષે બાહ્ય દૃષ્ટિએ અને આંતરદૃષ્ટિએ કાળજી રાખવાનું જ્યારે આપણે શીખી શકીએ અને એવી કાળજી સદાય રાખતા થઈ જઇએ ત્યારે તપ આપણા દોષોને બાળી શકે છે, તપાવીને નાશ કરી શકે છે. શાસનદેવને પ્રાર્થના કરીએ કે આપણા તમામ પ્રકારના તપસ્વીઓમાં તપ વિશેની શુદ્ધ દૃષ્ટિ આવે જેથી આપણું તપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણી રોજની ચર્યામાં અને પરિણામે સમગ્ર જીવન ચર્યાને ઉજાળવા સારૂ કામિયાબ થઈ શકે. કોઈ એમ કહે કે તપ કરવાથી સ્વર્ગનાં સુખ મેળવી શકાય છે પણ એ ત્યારે જ ખરૂં પડે જ્યારે તપ કરવાથી માનવીનાં સુખો એટલે ક્ષમા, શાંતિ, કરુણા, અનુકંપા, બીજા માટે ઘસાવાની વૃત્તિ તથા પરગજુપણું અને ગુણ-ગ્રહણની વૃત્તિ આવે તથા જાતિને લીધે ઉત્તમ અધમ માનવાની કલ્પના એ બધું ચાલ્યુ જાય અને સહનશક્તિ પ્રગટે તથા ગુણગ્રહણની શક્તિ પ્રગટે; તમામ તપ કરનારાઓનું કલ્યાણ થાઓ !

卐

—ટી. કે. શાહ, શાંતાક્રુઝ

વિશ્વવંદ્ય તપ-ત્યાગ-સંયમ અને દયામૂર્તી
વર્ધમાન ઉર્ફે શ્રમણ ભગવાન

મહાવીરસ્વામીનો સંદેશ

મહાવીર તો સિદ્ધિ વર્યા સંદેશ એ દેતા ગયા. ૧
અહિંસક બની કરણી કરો એ વારસો દેતા ગયા. ૨
દયા ધર્મનું મૂળ છે વિતરાગ એ કેતા ગયા. ૩
વિસ્તાર કરવા ગણધર ગુરૂને ત્રીપદી દેતા ગયા. ૪
ચંડકોશી ક્રોધીનું બંધન વિભુ છેદી ગયા. ૫
ચંદનબાળાના બાકુળ વ્હોરી કાજ સુધારી ગયા. ૬
શ્રી સિદ્ધચક્ર સિદ્ધિદાયક એમ એ કેતા ગયા. ૭
નવકાર જપશો ભવથી તરશો યાદી એ દેતા ગયા. ૮
નિર્વાણ કાળે બન્યું અને એ શક્રેન્દ્રને કેતા ગયા. ૯
ફરમાન પ્રભુના સુચન હૃદયે રાખતો એ કહી ગયા. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે ....

શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે ....

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઇવેટ લીમીટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૩૩૧૩૩
ગ્રામ: 'શાપરીઆ' શીવરી-મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાભારતનો એક પ્રસંગ

લેખક : **શ્રી ઇશ્વર પેટલીકર**

[સુપ્રસિદ્ધ લેખક અને સાહિત્યકાર શ્રી ઈશ્વર પેટલીકરે મહાભારતના વનપર્વમાં આવતા દ્રૌપદીનો આ પ્રસંગ પોતાના 'અમૃતમાર્ગ' ગ્રંથમાં આપેલો છે. મ. ટોલ્સટોયે સાચું જ કહ્યું છે કે, "લગ્નજીવન એટલે જીવનમાં સુખ, સગવડ અને આનંદ પ્રમોદની વૃદ્ધિ, એમ જે સાધારણ પ્રચલિત માન્યતા છે, તે સત્યથી વેગળી છે. વસ્તુતઃ લગ્નજીવન એવું છે જ નહિ. લગ્નજીવન એટલે તો સદાયે જીવનમાં સુખ, સગવડ, આનંદ પ્રમોદમાં કાપ અને ઘટાડો જ, કેમકે એમાં નૂતન વિષમ કર્તવ્યો બજાવવાની જવાબદારી આવી પડે છે."

રાજર્ષિ ભતૃહરિએ કહ્યું છે કે एतत् कामफलं लोके यद द्वयोः एकचित्तता અર્થાત્ પતિ-પત્નીના પ્રેમથી બંનેનાં ચિત્ત અને હૃદય તદ્દન એક થઈ જાય, એ જ દામ્પત્ય સુખનું ઉત્તમ ફળ છે. પુરુષ પ્રકૃતિએ જરા કઠોર અને ઉતાવળો હોય છે, ત્યારે સ્ત્રી કોમળ, શાંત અને વધુ સહિષ્ણુ હોય છે. તેથી દામ્પત્ય જીવનની સફળતાનો આધાર મહદ્ અંશે પુરુષ કરતાં વિશેષ પ્રમાણમાં સ્ત્રી પર રહે છે. આજે સ્ત્રીઓ પુરુષની સમોવડી બનવા પ્રયત્નો કરી રહી છે, પરંતુ તેમાં તો સ્ત્રીજાતિ પોતે જ પોતાનું અપમાન વ્હોરી રહી છે. ગુણ, વિવેક અને વર્તન ત્રણેય દૃષ્ટિએ સ્ત્રી તો પુરુષ કરતાં અનેક રીતે વધુ ચડિયાતી છે. સ્ત્રીએ પુરુષની સમોવડી બનવું, એ તો પોતાનો દરજ્જો નીચે કરવા (Degradation) જેવું હીણું છે. અલબત્ત, જે વધુ શાંત, સમજુ અને સહિષ્ણું હોય, તેની જવાબદારી પણ વધુ પ્રમાણમાં હોય તે સ્વાભાવિક છે, દ્રૌપદીના જીવનની આ વાત આપણને આ વસ્તુ જ કહી જાય છે.] —તંત્રી

પાંડવો બાર વરસના વનવાસ દરમિયાન કામ્યક વનમાં હતા ત્યારે કૃષ્ણ સત્યભામાની સાથે તેમને મળવા ગયા હતા. તે વખતે બંને સ્ત્રીઓ, સત્યભામા અને દ્રૌપદી એકાંતમાં સંસારની વાતો કરતાં હતાં. વાત વાતમાં સત્યભામાએ પૂછયું : 'દ્રૌપદી, સખી! મારે એક રહસ્ય જાણવું છે. એક પતિને હું વશ રાખી શકતી નથી, તો તમે પાંચ પાંચ પ્રતાપી પતિઓને કઈ રીતે વશ રાખી શકો છો? જરૂર કોઇ મંત્ર તંત્રથી તમે એમને વશ કર્યા હોવા જોઇએ. મને એ જડીબુટ્ટી ન બતાવો?'

'મારી વ્હાલી સખી', દ્રૌપદીએ સત્યભામાનો ભ્રમ ભાંગતાં કહ્યું : 'તુંય કમાલ છે ને! મંત્ર તંત્રથી પતિ વશ થાય કે નારાજ થાય? જો કોઈ પતિને એમ ખબર પડે કે એની પત્નીએ એને વશ કરવા મંત્ર જંત્ર કર્યા છે, તો શું એ પત્નીથી દુઃખી થયા વિના રહે? જો પુરુષ પત્નીથી દુઃખી હોય તો એવી સ્ત્રીને પતિનું સુખ શી રીતે પ્રાપ્ત થાય? જો કોઈ સ્ત્રી આવી મૂર્ખાઇ કરે તો માનવું કે એણે પતિને ઝેર આપ્યું છે. એ ઝેરને પ્રતાપે એ અને પતિ બંને દુઃખી જ થાય'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્યભામાના ભ્રમનું નિરસન થતાં એણે કહ્યું : 'તો જે ઉપાયવડે તમે પતિઓને વશ કરી શકયાં છો, તે કળા મને શીખવો.'

દ્રૌપદી–'હું તો પતિની સેવાને જ મોટામાં મોટો વશીકરણ મંત્ર માનું છું. હું હંમેશ નમ્ર બનીને પતિઓની સેવા કરૂં છું. તેમની સમક્ષ જૂઠું બોલતી નથી કે અસત્ય આચરણ કરતી નથી. તેમના ઉપર ગુસ્સે થતી નથી. જે તેમને પ્રિય તેને હું મારૂં પ્રિય સમજું છું. વનમાં હોઉં કે મહેલમાં, જે સગવડ હોય તેનાથી પ્રસન્ન રહું છું. પતિઓની પ્રકૃતિ ઓળખી લઇને તેમની રૂચિ પ્રમાણે સગવડ કરૂં છું. કોઇ વખત એ લડ્યા હોય તો પણ એને યાદ કર્યા કરતી નથી. એ દુઃખમાં હોય ત્યારે એમનું એ દુઃખ દૂર કરવા જાગ્રત રહું છું. મારા પતિઓની બીજી સ્ત્રીઓની સાથે સગી બહેનના જેવો સ્નેહ રાખું છું. મહેલમાં પણ સાસુની સેવા મારે હાથે જ કરતી, નોકર ચાકર ઉપર છોડતી નહિ. મહેલના દરેક નોકરની કાળજી રાખતી. આવક–ખર્ચનો હિસાબ રાખતી. સૌની પહેલાં હું ઊઠતી અને સૌને જમાડીને હું જમતી અને સૌને સુવાડીને સુતી. આથી હું પતિઓની પ્રીતિપાત્ર થઇ છું.'

આ લાંબી સેવાની યાદી સાંભળીને સત્યભામા નાહિમત થતાં બોલી : 'મારાથી આટલું બધું તો થઈ શકે તેમ નથી. કૃષ્ણને વશ કરવાનો બીજો કોઇ સહેલો રસ્તો બતાવો.'

દ્રૌપદીએ તે માર્ગ બતાવતાં કહ્યું : 'પતિની સેવા ઓછી થશે તો એ દુઃખી નહિ થાય. એ મધુર વચનનો ભૂખ્યો હોય છે. એટલું જો કરી શકશો તો પણ પૂરતું છે. મધુર દૃષ્ટિ, મધુર વચન અને મધુર વર્તનથી પુરુષો જેટલા વશ થાય છે તેટલા બીજા કોઈ માર્ગથી થતા નથી. સ્ત્રીઓને માટે પતિના પ્રેમ કરતાં વધારે સ્પૃહણીય વસ્તુ બીજી કોઈ નથી. હે સખી! આ સંસારમાં સુખ ભોગવવાથી સુખ મળતું નથી. પણ સતી સ્ત્રીઓ દુઃખ વેઠીને સુખ પ્રાપ્ત કરે છે, તે સત્ય હંમેશા યાદ રાખજો.'

આ સંવાદ વનપર્વમાં સત્યભામા અને દ્રૌપદી વચ્ચે એકાંતની વાતચીત રૂપે મૂકયો છે. બે સ્ત્રીઓ સખી જેવી આત્મીય હોય ત્યારે સુખ–દુઃખની વાતચીત કર્યા વિના ન રહે અને પોતાનું દુઃખ શી રીતે દૂર થાય તેની પૃચ્છા કર્યા વિના પણ ન રહે. આ સંવાદ દ્વારા સ્ત્રીએ સુખી શી રીતે થવું તેમ ભલે સૂચવવામાં આવ્યું હોય, પરંતુ એ પુરુષને પણ એટલું જ લાગુ પડે છે. બંને અરસપરસના સુખ દુઃખમાં ભાગીદાર બને તો જ દામ્પત્ય જીવનમાં સુખી થવા માટે માનસશાસ્ત્રનું અવલંબન લઇને વિવિધ સલાહ આપવામાં આવે છે તે જરૂરી છે. તેનો સ્વીકાર નવા યુગમાં સૌ પ્રથમ થયો છે તેવું માની લેવાનું નથી, તેમ સત્યભામા દ્રૌપદીનો સંવાદ કહી જાય છે. વળી સુખી થવા માટેનું જે સત્ય વ્યાસે દ્રૌપદીના મુખમાં મૂક્યુ છે તે આજે પણ એટલું જ ધ્રુવછે–બીજાના સુખમાં જ પોતાનું સુખ સમાયેલું છે.

આમ બીજાના સુખમાં પોતાનું સુખ માતા તરીકે કુંતીના ચરિત્રમાં પણ નાના સરખા પ્રસંગમાં સચોટ રીતે બતાવ્યું છે. લાક્ષાગૃહની આપત્તિમાંથી બચી ગયા પછી અને દ્રૌપદી સ્વયંવર પહેલાં પાંડવો એકચક્રા નગરીમાં એક ગરીબ બ્રાહ્મણને ઘેર છૂપા વેશે આશરો મેળવે છે. એ નગરીને રાક્ષસનો ભારે જુલમ છે. દરરોજ એક માનવનું તે ભક્ષણ કરે છે. ઘર દીઠ એને ભોગ ધરવા વારો કાઢવામાં આવ્યો છે. એ બ્રાહ્મણને ઘેર એ દિવસે વારો આવ્યો ત્યારે ઘરમાં રડારોળ થઈ. પત્ની પોતાનો ભોગ ધરવા આગ્રહ કરતી હતી. પતિ પોતાનો કમાનાર ન હોય તો બાળકો વધુ દુઃખી થાય તે પત્નીની દલીલ હતી. પતિનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રદ્દિયો હતો કે મા વિનાના બાપના રાજ્યમાં બાળકો જેટલાં સુખી થતાં નથી, તેટલાં બાપ વિનાના માતાના રેંટિયા (ગરીબાઇ)માં સુખી હોય છે. મતલબ કે, બંને એક-બીજાને મહત્ત્વ આપતાં હતાં. પતિએ ટકોર પણ કરી કે આ નગરી છોડી જવાની મારી તૈયારી હતી. પરંતુ તેં તારા બાપની ઘરની નગરી છોડવાની ઇચ્છા બતાવી નહિ. આમાં પિયર તરફની સ્ત્રીની આસક્તિ જોખમકારક છે, તેનો આડકતરો ઇશારો છે અને દામ્પત્યમાં એક બીજાના સુખે સુખી અને દુ:ખે દુ:ખી થવાની ભાવના જોવા મળે છે.

માતા કુંતી એ જાણતાં એમને આશ્વાસન આપે છે કે તમારા બંનેમાંથી કોઇએ ભોગ ધરવાની જરૂર નથી. હું મારા દીકરાને તમારા બદલામાં મોકલીશ. બ્રાહ્મણે પોતાનો જીવ વહાલો કરી, જેમને આશરો આપ્યો છે તેમને હોમી દેવાની માંગણી સ્વીકારી નહિ. કુંતીએ એમને સધિયારો આપ્યો કે મારો દીકરો એવો બળિયો છે કે, ગમે તેવો રાક્ષસ હશે તેને હણી શકશે અને નગરી આખીના દુ:ખનું નિવારણ કરશે. પરંતુ આ બીના ગુપ્ત રાખવી, જાહેર કરવાની નથી.

યુધિષ્ઠિરે આ જાણ્યું ત્યારે મોટાભાઈ તરીકે ચિંતા વ્યક્ત કરતાં માતાને કહ્યું કે 'ભીમ રાક્ષસને હણી શકશે તેમ માનીને ચાલવું હિતાવહ નથી. આવું જોખમ ઉપાડતાં કોઈ વખત ભાઇને ખોઇ બેસવાની હાણ થઇ પડે.'

કુંતીમાતા એનો રદ્દિયો આપતાં કહે છે, 'આપણે કોણ છીએ તે જાણ્યા વિના કે આશ્રયનો આવો બદલો આપી શકીશું તેવી કંઇ ગણતરી વિના આ કુટુંબે ઉપકાર કર્યો છે. ઉપકારનો અનેકગણો બદલો વાળે તે જ સાચો કૃતજ્ઞી. સમાજની ચડતીનો આધાર પરોપકાર વૃત્તિ ઉપર રહેલો છે. જે ઉપકારનો બદલો વાળતો નથી તેવા કૃતઘ્ની માણસને પ્રભુ કદી માફ કરતો નથી.'

लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर

अमदावाद ३८०००९

प्रकाशनो

१. संस्कृत-प्राकृत हस्तप्रत सूची भा० १-४	१६०/-
२. नेमिरंगरत्नाकर छंद	६/-
३. रत्नाकरावतारिकाद्यश्लोकशतार्थी	८/-
४. कल्पलताविवेक	३२/-
५. योगबिन्दु	१०/-
६. शास्त्रवार्तासमुच्चय हिन्दी अनु०	२०/-
७. तिलकमंजरीसार	१२/-
८. नेमिनाहचरिउ भा० १-२	८०/-
९. प्राकृत जैन कथा साहित्य	१०/-
१०. अध्यात्मबिन्दु	६/-
११. जेसलमेरहस्तप्रतसूची	४०/-
१२. मदनरेखा आख्यायिका	२५/-
१३. प्राचीन गूर्जर काव्य संचय	१६/-
१४. जैन प्रकरण संग्रह	१६/-
१५. हैमनाममाला शिलोंछ	१६/-
१६. गाहारयणकोस	१२/-
१७. ऋषिदत्ता रास	१६/-
१८. शब्दानुशासन	३०/-
१९. ऋषिभाषित	१६/-
20. Aspects of Jaina Art & Architecture	150/-
21. Karma & Rebirth	6/-
22. Study of Mahapurana	30/-
23. Tattvarthasutra Eng. Tr.	32/-
24 Jaina Concept of Omniscience	30/-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નારી કે નારાયણી ?

[એક ખુલાસો]

લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા

'નારી કે નારાયણી ?'ની વાર્તા 'આત્માનંદ પ્રકાશ'ના મે માસના અંકમાં છપાયેલી, તે અંગે પૂ. મુનિરાજશ્રી પ્રદ્યુમ્નવિજયજી મારી પરના પત્રમાં જણાવે છે કે "નારી કે નારાયણી" એ શીર્ષક હેઠળની વાર્તા વાંચી–ગમી અને તરત મનમાં સરખામણી થઈ, પત્રની સાથે પૂ. મહારાજશ્રીએ સ્વ. કવિ બોટાદકરનું 'એભલવાળો' શીર્ષક નીચેનું એક ભવ્ય કાવ્ય પણ હાથે લખી મોકલાવેલ છે. એ કાવ્યની એકેએક પંક્તિ અત્યંત મધુર અને રમ્ય છે. કાવ્ય બહુ લાંબુ છે એટલે આખું તો અત્રે નથી આપતો, પણ કેટલીક મહત્ત્વની પંક્તિઓ વાનગી રૂપે નીચે આપું છું :–

નિસ્તીર નીરની વચ્ચે અશ્વ એક ઉભો દીસે,
ચેષ્ટા હીન ગયા ચોંટી શૂન્યવત્ સ્વાર તે પરે.
અતિથિ આંગણે આવ્યો ઘટે આશ્રય આપવો,
ગૃહીનો ધર્મ શું એવો ગૃહિણીએ ન પાળવો ?
ભીનાં વસ્ત્ર કરી દૂરે શુષ્કથી તનુ ઢાંકતી,
આપના અંગમાં ઉષ્મા ઉપાયો કૈંક યોજતી.
બોલતી બ્હાવરી જેવી શય્યામાં સહસા પડી,
શબવત્ દેહને ભેટી ઉષ્ણતા આપતી રહી.
બત્રીસ લક્ષણા કેરા રક્તથી સ્નાન જો કરે,
દૂર તો થાય એ વ્યાધિ એમ વૈદ્ય ઘણા વદે.

એભલ અને તેનો પુત્ર પોતાનો જીવ આપવા તૈયાર થઈ ગયા, પણ આ બધી વાતો સાંઇના પતિના સાંભળવામાં આવતા તેના ક્રોધનું શમન થઈ ગયું અને રોગ નાશ પામ્યો એવી વાત આ કાવ્યને અંતે આવે છે. આમ બનવું એ પણ અશક્ય નથી. માણસના મનની અસ્વસ્થતા, કષાયો અને વાસના અનેક દર્દોનું મૂળ છે. વિજ્ઞાન પણ કહે છે કે માણસ જ્યારે ઉશ્કેરાય છે ત્યારે તેનામાં ક્રોધ ઉત્પન્ન થાય છે અને ક્રોધના કારણે શરીરમાં 'એડ્રીનીલીન' નામનો પ્રવાહી પદાર્થ પેદા થાય છે, જે લોહીમાં મળતાં લોહી ગરમ થાય છે અને શરીરમાં ઝેરનું કામ કરે છે. પરપુરુષનો મનમાં વિચાર કરનાર પત્નીને ડાહ્યો પતિ પણ સાંખી શકતો નથી, તો આ કિસ્સામાં તો પત્ની–સાંઈ પરપુરુષ સાથે સુતેલી છે, એટલે ક્રોધના કારણે સાંઈના પતિને રક્તપિત્તનું દર્દ થયું હોય અને ખરી હકીકત જાણતાં ક્રોધનું શમન થવાના કારણે એ દર્દ–મુક્ત થયો હોય એમ બનવું પણ સંભવિત છે.

ખરી વાત ગમે તે હોય, પરંતુ એભલ અને તેનો પુત્ર બંને સાંઇનું સૌભાગ્ય અખંડિત રાખવા પોતાના પ્રાણ આપવા તૈયાર થઈ ગયા હતા તે તો હકીકત છે જ. શ્રી બોટાદકરના કાવ્યમાં પણ આ વાતનો તો ઉલ્લેખ છે જ.

અનેક વરસો પહેલાં ઇ. સ. ૧૯૨૨માં પ્રગટ થયેલી કાઠિયાવાડની લોકકથાઓ બુકમાં મેં જે વાર્તા વાંચી હતી, તેના આધારે મેં આ વાર્તા તૈયાર કરી છે. બુકની કથામાં આવતા કેટલાક દોહરાઓ મારી નોંધપોથીમાં મેં નોંધેલા. જે નીચે આપું છું :—

ધડ આઘું જાય ચાલે સાપ નરંદકું,
માથું ખોળામાંય આખરડુ થયું એ ભાઉત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્થાત્ રે એભલવાળાના પુત્ર, તારું ધડ તો માથાથી જુદું પડયું, તે શેષ નાગની જેમ ગુણું ગુણું ભમવા લાગ્યું અને તારું માથું તો નમન કરતુ કરતું ખોળામાં પડયું, તને ધન્ય છે!

'ધન્ય અરશી ધન્ય ઉગલો, ધન્ય વાળાની જાત્ય,
એભલે અણાતણું, માથું દીધું દાત્ય.'

અર્થાત્ હે એભલ! તારા પૂર્વજ અશીં-વાળાને, ઉગાવાળાને ધન્ય છે. અરે તારા વાળાની આખી જાતને ધન્ય છે. અહાહા, એભલ તેં તારા એકના એક પુત્ર અણાનું માથું દાનમાં આપી દીધું.

સોરઠો કરો વિચાર બે વાળામાં કયો વડો?
સરનો સોંપણ હાર કે વાઢણ હાર વખાણીએ!

અર્થાત્ હે સોરઠના વાસીઓ, તમે વિચાર કરીને બોલો કે આ બે વાળામાં, બાપ દીકરામાં, કોણ ચઢે? માથાનો વાઢનાર કે માથું વઢાવવા દેનાર! આનો ઉત્તર સદા આ સોરઠામાં જ રહેશે.

પૂજ્ય મુનિશ્રી પ્રદ્યુમ્નવિજયજીએ આ કથામાં રસ લઈ આખું યે કાવ્ય પોતે જાતે લખી મોકલાવ્યું અને એક મહાન કવિનું આધારભૂત દૃષ્ટિબિંદુ રજુ કર્યું તે માટે હું પૂજ્ય મુનિરાજશ્રીનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. માથું કાપવામાં આવ્યું હોય કે કાપવાની જરૂર ન પડી હોય, પરંતુ પિતા–પુત્રની જે ત્યાગ ભાવના આ કિસ્સામાં જોવામાં આવે છે તેની પાસે આપણા મસ્તક તેઓને નમી પડે છે.

શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ–પાલીતાણા

[હેડ ઓફીસ : અમદાવાદ * શાખા : પાલીતાણા]

શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ અમદાવાદની શાખા પાલીતાણા ખાતે શ્રી સિદ્ધક્ષેત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની પવિત્ર છાયામાં બિરાજમાન પૂ. સાધુ–સાધ્વીજી મહારાજોને જરૂરી સગવડોની સુવિધાઓ આપી સેવા-ભક્તિનો લાભ લઈ રહેલ છે. ચાર વર્ષથી "શ્રમણ વૈયાવચ્ચ"નું ઉપરનું કામ વ્યવસ્થિત ચાલુ છે. જેમાં દવાઓ વિગેરે દરેક પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે. હાલમાં માસિક ત્રણ હજાર રૂપિયાનો ખરચ આવે છે.

સર્વે સાધર્મિક ભાઈ–બહેનોને પૂ. સાધુ–સાધ્વીજી મહારાજોની યોગ્ય રીતે વ્યવસ્થિત અને સમયસર વૈયાવચ્ચ દ્વારા સેવા-ભક્તિનો લાભ મળે એ માટે આ સંસ્થાને યોગ્ય સહકાર આપવા વિનંતિ કરીએ છીએ. સહાય માટે મળેલી રકમની સત્તાવાર પહોંચ-પાવતી આપવામાં આવે છે.

જરૂરી સલાહ સુચનો માટે સંસ્થાની ઓફીસની મુલાકાત લેવા અથવા પત્ર–વ્યવહાર કરવા વિનંતિ છે.

લિ સેવકો,

હેડ ઓફીસ :
શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ
સંચાલક : લાલભાઈ એલ. પરીખ
પરીખ બીલ્ડીંગ, એલીસબ્રીજ,
અમદાવાદ–૬

ડો. ભાઈલાલ એમ. બાવીશી પ્રમુખ
સોમચંદ ડી. શાહ મંત્રી
પં. કપુરચંદ આર. વારૈયા સહમંત્રી
શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ-શાખા
ઠે મગન મોદી ધર્મશાળા, પાલીતાણા ગુજરાત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમાચાર સંચય

શ્રી નાનચંદ જુઠાભાઈ દોશીનો સન્માન સમારંભ

આ સભાના પેટ્રન ચલાળા નિવાસી (હાલ મુંબઈ) શ્રી નાનચંદ જુઠાભાઈ દોશીની અનેકવિધ સેવાઓને અનુલક્ષી ચલાળા સેવક મંડળ અને અન્ય સંસ્થાઓ દ્વારા તેમનું બહુમાન કરી સન્માન–પત્ર એનાયત કરવાનો એક સમારંભ શ્રેષ્ઠીવર્ય શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફના પ્રમુખપદે તા. ૧૧–૭–૭૬ રવિવાર બપોરે ૪–૦૦ વાગે શેઠ મોતીશા લાલબાગ જૈન ધર્મશાળામાં યોજવામાં આવ્યો હતો.

સન્માત્ર–પત્રમાં શ્રી નાનચંદભાઈના અનેક સત્ય કાર્યોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. પ્રમુખ તેમજ શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી અને અન્ય વક્તાઓએ શ્રી નાનચંદભાઈના અનેક ધાર્મિક કાર્યોની પ્રશંસા અને અનુમોદના કરી હતી.

શ્રી નાનચંદભાઈએ અત્યંત નમ્રતાપૂર્વક સન્માન પત્રનો જવાબ આપ્યો હતો.

સમારંભની શરૂઆતમાં શ્રી વનમાળીદાસ ઝવેરચંદ મહેતાએ શ્રી નાનચંદભાઈના ધાર્મિક અને નિર્મળ જીવનનું દિગ્દર્શન કરાવ્યું હતું તેમજ સમારંભને અંતે આભાર વિધિ કરી હતી.

તે પછી અલ્પ આહાર લઈ સૌ છૂટા પડ્યા હતા.

શ્રી શ્રેયસ ન મિત્ર મંડળના ઉપક્રમે જૈન સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ

શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળના ઉપક્રમે તા. ૮–૮–૭૬ને રવીવારના ટાઉનહોલમાં વિશાળ જન સમુદાયની ઉપસ્થિતિમાં શ્રી પ્રાણલાલ કે. દોશીના પ્રમુખ સ્થાને અને ડો. ડી. જે. મહેતાના અતિથિવિશેષ પદ નીચે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો અને પારિતોષિક એનાયત કરવાનો એક સમારંભ યોજાયો હતો.

શરૂઆતમાં સ્તુતિ બાદ કાર્યકર શ્રી કાંતીલાલ આર. શાહે સ્વાગત પ્રવચન આપેલ, બહારગામથી આવેલ વિશાળ સંખ્યામાં શુભેચ્છાઓનું વાંચન કન્વીનર શ્રી અરવિંદ મહેતાએ કરેલ. સમારંભ પ્રમુખશ્રી અને અતિથિવિશેષશ્રીને ફુલહાર વિધિ કર્યા બાદ પ્રમુખશ્રીનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિચય શ્રી મનુભાઈ શેઠે આપેલ અને અતિથીવિશેષશ્રીનો પરિચય પ્રો. એન. જે. શાહે આપેલ સંસ્થાની રૂપરેખા સંસ્થાના મંત્રીશ્રી નવિનભાઇ કામદારે પોતાની અનોખી શૈલીમાં આપેલ

ત્યાર બાદ સમાજમાં ધાર્મિક શિક્ષણ આપતાં શિક્ષિકા બહેન લીલાવંતીબેન ભગવાનદાસનું સન્માન શ્રીમતી હસુમતીબેન જયસુખલાલ (મહુવાવાળા)ના વરદ્ હસ્તે થયેલ અને ધાર્મિક જ્ઞાન સત્રના ઉચ્ચ ગુણાંક મેળવી સફળ થનાર જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ શ્રી જયસુખભાઇ (મહુવાવાળા)ના વરદ હસ્તે થયેલ.

જૈન આત્માનંદ સભા તરફથી આ પ્રસંગે ઓલ્ડ એસ. એસ. સી.માં પ્રથમ આવેલ વિદ્યાર્થી રાજેશ શાહનું ગોલ્ડ મેડલ અને સંસ્કૃતમાં સૌથી વધારે માર્કસ મેળવનાર કુ. સ્નેહાને રૌપ્ય ચંદ્રક સંસ્થાના પ્રમુખશ્રી ગુલાબચંદ લલ્લુભાઈ અને હીરાલાલ ભાણજીભાઇના વરદ્ હસ્તે અર્પણ થયેલ.

ત્યાર બાદ અન્ય વક્તાઓએ પ્રવચન કર્યાં હતા.

આભાર વિધિ સંસ્થાના પ્રમુખશ્રી કાંતીલાલ દોશીએ કરેલ. ત્યાર બાદ સમારંભ અતિથી વિશેષ ડો. ડી. જે. મહેતાએ સંસ્થાના કાર્યને બીરદાવતું અને વિદ્યાર્થીઓને તેમનો તેજસ્વી કારકીર્દી કાયમ ટકાવી રાખવા સુચન કરેલ.

પ્રમુખસ્થાનેથી બોલતા શ્રીયુત પ્રાણલાલ કે. દોશીએ જણાવેલ કે વિદ્યાર્થીએ શિસ્ત, વિનય અને ધાર્મિક ગુણો કેળવવા જોઇએ અને વિદ્યાર્થીઓની તેજસ્વી સફળતાને બીરદાવેલ.

ત્યાર બાદ વિવિધ પ્રકારના આકર્ષક ઇનામો ૨૬૦ ઉપરાંત વિજેતાઓને પ્રમુખશ્રી તથા અતિથીવિશેષશ્રીના વરદ્ હસ્તે આપવામાં આવેલ.

卐

પૂજાની જોડ

બીન્ની મીલની પ્યોર જરી બોર્ડર ધોતી ૪ વાર અને ખેસ ૨॥ વાર રૂા. ૩૫૦.

પ્યોર સીલ્ક રેશમ બોર્ડર ધોતી ૪॥ વાર અને ખેસ વાર ૩ રૂા. ૨૨૫. જરી બોર્ડરવાળી રૂા. ૨૫૦, આર્ટ સીલ્ક પૂજા જોડ (સફેદ તથા ક્રીમકલર) રૂા. ૬૫.

સ્ટ્રેપલ પૂજા જોડ રૂા. ૪૫

બાળકો માટે સ્ટ્રેપલ રૂા. ૩૫

આ સિવાય પ્યોર બોસ્કી, સીફોન, ચિનોન, રીવર સાળલ સાડી, રંગીન સીલ્ક વગેરે માટે પૂછાવો. સરનામુ અંગ્રેજીમાં કરવું. હોલસેલ માટે ફેકટરી તથા બ્રાન્ચ ઓફીસ દોડબાલાપુર, ફોન નં. ૧૬૯

રજનીકાન્ત એન્ડ કું.

ડી. ૫૨, લક્ષ્મણ બીલ્ડીંગ, ચીક પેંઠ, બેંગલોર-૫૩ ટે. નં. ૭૧૩૯૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કલકત્તાના સેવાભાવી જૈન કાર્યકરનો સ્વર્ગવાસ

કલકત્તાના સેવાભાવી અને પરોપકારી જૈન કાર્યકર શ્રી વિઠ્ઠલદાસ નાનચંદ શાહના સ્વર્ગવાસની નોંધ લેતા અમને દુ:ખ અને ખેદ થાય છે.

છેલ્લા કેટલાક સમયથી સ્વર્ગસ્થે તદ્દન નિ:સ્વાર્થભાવે સદ્‌વિચાર પરબની યોજના દ્વારા સુવિચારોનો તન-મન-ધનનો ભોગ આપી સફળ પ્રચાર કર્યો હતો ધંધાને ગૌણ કરી આ કાર્યને તેમણે અગ્રસ્થાન આપેલું અને તેમાં જ રચ્યાપચ્યા રહેતા.

'આત્માનંદ પ્રકાશ' માસિક માટે તેમને અત્યંત લાગણી અને ભાવ હતા. સ્વભાવે તેઓ અત્યંત સરળ, સાદા, મિલનસાર અને પરગજુ હતા.

શાસનદેવ તેમના આત્માને ચિર શાંતિ આપે.

સ્વર્ગવાસ નોંધ

શાહ ચીમનલાલ વેલચંદ સં. ૨૦૩૨ના અષાડ વદી ૧૪ સોમવાર તા. ૨૬-૭-૭૬ ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ લેતા અમો ઘણા જ દિલગીર થયા છીએ. તેઓશ્રી મળતાવડા સ્વભાવના અને ધાર્મિક લાગણીવાળા હતા. તેઓ આપણી સભાના આજીવન સભ્ય હતા. પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.

શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થાને મદદ કરો

અહિંસાના અવતાર મહાનુભાવો,

સવિનય વિનંતી કે ગુજરાતના સાબરકાંઠા જીલ્લામાં ઈડર પાંજરાપોળ સને ૧૯૭૫માં જૈન આચાર્ય શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજશ્રીના સદ્ ઉપદેશથી સ્થપાએલ છે. સંસ્થા સરકારમાન્ય રજીસ્ટર છે. સંસ્થા પાસે હાલ ૪૦૦ ઉપરાંત જાનવરો છે. સંસ્થાની સુવ્યવસ્થા તેમ ખ્યાતિના કારણે ઢોરની આવક ચાલું છે. અબોલ મુંગા, નિરાશ્રીત જીવોના નિભાવ માટે કાયમી ફંડ નથી. દાનવીરોની છુટી છવાઈ મદદ ઉપર જ મુખ્યત્વે નિભાવ થાય છે. આપ કરૂણાભાવથી પ્રેરાઈ મુંગા જીવોના નિભાવ માટે ઉદાર હાથે રોકડ, ઘાસ, કપાસીયા અને અન્ય મદદ મોકલી મોકલાવી મુંગા અબોલ, પ્રાણીઓના આશીર્વાદ મેળવી પુણ્ય ઉપાર્જીત કરશો તેવી અભ્યર્થના.

મદદ મોકલવાનું સ્થળ :—

શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થા
જુના બજાર, ઈડર
જી. સાબરકાંઠા

બાબુલાલ ડી. સુખડીયા
માનદ્ વહીવટદાર
ઈડર પાંજરાપોળ સંસ્થા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપની થાપણ વધતી જ રહે છે
અમારી પુનઃ રોકાણ યોજનામાં

સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રની પુનઃ રોકાણ યોજનામાં થાપણ પર ૧૭%થી પણ વધારે વળતર શક્ય છે. તેથી આજે રૂા. ૫૦૦૦/ની થાપણ ૧૨૦ માસ માટે મુકવામાં આવે તો રૂા. ૧૩,૫૩૫,૨૦ પાછા મળે.

પુનઃ રોકાણ યોજનામાં રૂા. ૧૦૦૦/ની થાપણ પણ ૨૫ માસથી ૧૨૦ માસ સુધીની મુદ્દત માટે સ્વીકારવામાં આવે છે.

બચતોને અમારી પુનઃ રોકાણ યોજના નીચે રોકવામાં આવે તો સંતાનોના શિક્ષણ, લગ્ન જેવી કૌટુંબિક જવાબદારીઓ અંગે ચિંતા કરવાની જરૂર રહેતી નથી. વાસ્તવમાં અમારી પુનઃ રોકાણ યોજના આપ તથા આપના કુટુંબ માટે સુવર્ણમય ભવિષ્યની ખાત્રી સમાન છે.

વધુ વિગત માટે ખાતું ખોલાવવા માટે નજીકની શાખાના મેનેજરની મુલાકાત લ્યો.

સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડઓફીસ : ભાવનગર ૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપના ધંધાની પ્રગતિ અને વિકાસ માટે

આત્માનંદ પ્રકાશમાં જાહેરાત આપો

છેલ્લા બોત્તેર વર્ષથી 'આત્માનંદ પ્રકાશ' જૈન સમાજની અવિરતપણે સેવા કરી રહ્યું છે.

*

મુંબઇ, કલકત્તા, બેંગ્લોર વગેરે મોટા ધંધા અને ઉદ્યોગના ધામો સુધી આ માસિકના ગ્રાહકો છે

*

ધર્મ, તત્ત્વજ્ઞાન અને ચારિત્ર ઘડતર માટેની સુંદર કથાઓ વાચકોને પીરસવામાં આવે છે.

*

વધુ વિગત માટે લખો :
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર

*

વાર્ષિક ૩૦ ફર્માનું વાંચન વાર્ષિક માત્ર છ રૂપિયાના લવાજમાં તમારે ઘેરે પહોંચતું કરવામાં આવે છે.

*

* જાહેર ખબરના દર *

	એક વખતના રૂા.	વાર્ષિક (દશ અંકોમાં) રૂા.
ટાઇટલ પેજ (છેલ્લુ) ચોથું. (આખું પાનું)	૧૦૦)	૮૦૦)
ટાઇટલ પેજ નં. ૨ અથવા નં. ૩ આખું પાનુ	૭૫)	૬૦૦)
અંદરનું આખું પાનું	૫૦)	૪૦૦)
અંદરનું અર્ધું પાનુ	૩૦)	૨૨૫)
અંદરનું પા પાનું	૨૦)	૧૫૦)

સૌ શુભેચ્છકોને સહકાર આપવાં વિનંતિ.

—મંત્રીઓ

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફુલચંદ શાહ. સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only